


* પાત્ર થવું કઠણ છે; વાતો કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો છું એમ માને તો એમ નથી. આ તો બાપુ! સમજવું બહુ દુષ્કર છે. કેટલી પાત્રતા, કેટલી સજ્જનતા, કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય!

—કરુણામૂર્તિ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રી

卐

કહાન સંવત-૧૨ □ (૫૮૮) * આત્મધર્મ * (અંક-૪ વર્ષ-૪૯) □ વીર સં. ૨૫૧૮ ઓક્ટોબર, ૧૯૯૨

# * વિશુદ્ધિની ભાવના *

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૧૬ )

શ્રી નાટક સમયસારનો આ જીવદ્વાર ચાલે છે. તેમાં આત્માના સ્વરૂપનું કથન ચાલે છે. પ્રથમ કળશમાં માંગલિક થઈ ગયું છે. હવે જિનવાણીની સ્તુતિ કરે છે. પહેલાં દેવની સ્તુતિ કરી, હવે જિનવાણીની સ્તુતિ કરે છે અને ગુરુ તો અમૃતચંદ્ર આચાર્ય પોતે જ છે.

ગુરુ અમૃતચંદ્ર આચાર્ય ત્રણ કષાયના અભાવવાળા નગ્ન દિગંબર ભાવલિંગી સંત હતા. અષ્ટપાહુડમાં-દર્શનપાહુડમાં કહ્યું છે કે પોતાના વીતરાગમૂર્તિ આત્માનો આશ્રય લઈને જેણે ત્રણકષાયનો અભાવ કર્યો છે અને બાહ્યમાં નગ્ન દિગંબર લિંગ છે તે જૈનદર્શન છે. માલ સહિત બારદાનની વાત છે, ખાલી બારદાનથી કાંઈ કિંમત નથી. એકલું નગ્નપણું કે અઠ્યાવીશ મૂળગુણનું પાલન એ તો ખાલી બારદાન જેવું છે. અંતરમાં સત્ ચિદાનંદપ્રભુની દષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા પ્રગટ કરી હોય તો એ માલ સહિત નગ્ન દિગંબરદશા એ જૈનદર્શન છે. અમૃતચંદ્રાચાર્ય આવા ભાવલિંગ મુનિ હતાં.

હવે બનારસીદાસજી જિનવાણીની સ્તુતિ આ પ્રમાણે કરે છે:

जोग धरैं रहे जोगसौं भिन्न,
अनन्त गुणातम केवलज्ञानी।
तासु हृदै-द्रहसौं निकसी,
सरितासम ह्वै श्रुतसिन्धु-समानी॥
याते अनन्त नयातम लच्छन,
सत्य स्वरूप सिधंत बखानी।
बुद्ध लखै न लखै दुरबुद्ध,
सदा जगमाँहि जगै जिनवाणी॥ ३॥

जोग धरै रहै जोगसौं भिन्न, अनन्त गुनातम केवलज्ञानी જેણે અરિ નામ રાગ-દ્વેષ અને અજ્ઞાનનો નાશ કરીને પોતાના જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય આદિ

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૦ ]

ઉદ્ઘાન
સંવત-૧૨
વર્ષ-૪૯
અંક-૪
[ ૫૮૮ ]

વીર
સંવત
૨૫૧૮
સં. ૨૦૪૮
OCT.
A.D. 1992




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# * શ્રાવકના હંમેશના છ કર્તવ્યો *

[ શ્રી પદ્મનંદિ-શ્રાવકાચાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( પ્રવચન નં. ૪ )

પદ્મનંદિ પંચવિંશતિનો આ છઠ્ઠો અધિકાર છે—'ઉપાસક સંસ્કાર.' ઉપાસક એટલે આત્માની સેવા કરનાર અથવા પરમાત્માની સેવા કરનાર શ્રાવક. શ્રાવકની ભૂમિકામાં તેની શું સ્થિતિ હોય છે અને તેનું શું કર્તવ્ય હોય છે તેનું વર્ણન પદ્મનંદિ મુનિરાજે કર્યું છે.

પ્રથમ તો "શ્રાવકને" દૃઢ સમ્યક્ત્વ હોવું જોઈએ. "આત્માની સન્મુખતા હોવી જોઈએ અને કર્મ તથા કર્મના ઉદયમાં થતો વિકલ્પ એટલે પુણ્ય-પાપનો રાગ તે મારી ચીજમાં નથી અને તે મારું કર્તવ્ય પણ નથી એવી સમ્યક્ પ્રતીતિ હોવી જોઈએ." તે થયા પછી શ્રાવકને હંમેશના છ કર્તવ્ય હોય છે, તેનું વર્ણન ચાલે છે.

પ્રથમ તો, સૌ ઇન્દ્રોથી પૂજ્ય સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવના દર્શન અને પૂજા તથા ભગવાનની ગેરહાજરીમાં તેમની પ્રતિમાની પૂજા શ્રાવક હંમેશા કરે છે. ગૃહસ્થ શ્રાવકનું આ પ્રથમ કર્તવ્ય છે. આ વાત બરાબર છે એમ કરીને સાંભળી લેવાની વાત નથી પણ દિન દિન પ્રત્યે કરવાની આ વાત છે. આવો ઉત્તમ મનુષ્યદેહ મળ્યો અને જૈનશાસનનાં પવિત્ર અપૂર્વ શાસ્ત્રો કાને પડ્યા તેને પ્રતિમાની પૂજા તો હંમેશા હોય.

ભગવાનની પ્રતિમા જાણે વીતરાગબિંબ છે, ચિદાનંદસ્વરૂપ નિર્વિકલ્પ આનંદમાં

જાણે લીન છે, અક્રિય ચૈતન્યબિંબ છે એવા જિનપ્રતિમા અને મંદિર પોતાના ગામમાં હોય અને શ્રાવક તેના દર્શન કરવા ન જાય એમ ન બને. શ્રાવક દિન-દિન પ્રત્યે વીતરાગબિંબની પૂજા કરવા જાય છે. દૃષ્ટિ તો સ્વભાવ ઉપર છે છતાં વીતરાગ ન થાય ત્યાં સુધી શ્રાવકનું એ મુખ્ય કર્તવ્ય છે. "દૃષ્ટિની મુખ્યતા છોડીને નહિ" પણ દૃષ્ટિની મુખ્યતાપૂર્વક વ્યવહારમાં તેને શુભભાવની મુખ્યતા રહે છે. સ્ત્રી, કુટુંબ આદિના પાપભાવ પણ આવે છે તો ભગવાનની પૂજા-ભક્તિના ભાવ તો મુખ્યપણે દિન-દિન પ્રત્યે આવે છે.

શ્રાવકને હંમેશા ગુરુની સેવા એટલે સંત સમાગમ કરવાની વૃત્તિ હોય છે. લોકો કુટુંબના મેળા ભેગા કરીને બેસે છે તેમ શ્રાવકની દૃષ્ટિમાં સંતોનાં સમાગમ અને મેળો કરવાના ભાવ હંમેશા રહે છે. જો એવા શુભભાવ ન આવે-ષટ્કર્તવ્યના ભાવ ન હોય તો અંદરમાં તેને દર્શનની વિશુદ્ધિ પણ હોતી નથી. સાચા શ્રાવકને તો પોતાથી અધિક ગુણવાળા હોય એવા ધર્માત્મા, સંત કે સાધર્મી પાસે જઈને સમાગમ કરવાનો ભાવ આવ્યા વગર રહેતો નથી.

ત્રીજું કર્તવ્ય છે-'સ્વાધ્યાય.' સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાંથી આવેલાં. ઉત્તમ અને નિષ્કલંક શાસ્ત્રોનો સ્વાધ્યાય શ્રાવકને હંમેશા હોય છે. જો સ્વાધ્યાય ન હોય તો શાસ્ત્રજ્ઞાન વિના સાચું તત્ત્વ શું છે તેનું શ્રદ્ધાન અને જ્ઞાન થઈ શકતું નથી. ઉત્તમ અને નિષ્કલંક ગુરુઓ દ્વારા પ્રગટ કરેલાં શાસ્ત્રને જે વાંચતા નથી તેને વિદ્વાનો આંધળા કહે છે. આવો મનુષ્યદેહ, જૈનસંપ્રદાય અને શ્રાવક નામ ધાર્યા પછી શાસ્ત્રની સ્વાધ્યાય ન કરે તે કેમ ચાલે! તેમાં આ કાળે તો શાસ્ત્રસ્વાધ્યાય એ જ મોટી ચીજ છે કેમ કે શાસ્ત્રમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનું સ્વરૂપ, સચ્ચિદાનંદ ચૈતન્ય આત્માનું સ્વરૂપ અને ભૂમિકા અનુસાર શુભભાવની મર્યાદા આદિ બધાંનું કથન કરવામાં આવેલું છે. શાસ્ત્રની જે સ્વાધ્યાય કરતાં નથી તેને વિદ્વાનો चक्षुषोऽपीह संभाव्यन्ते मनीषिभिः છતી આંખે આંધળા કહે છે.

"આંધળો કહેવા પાછળ મુનિરાજને કરુણાના ભાવ છે." આ મનુષ્યદેહ અને પાંચઇન્દ્રિય વગેરે કાયમ રહેવાના નથી, કેમ કે એ તો સંયોગ છે, તેનો વિયોગ થવાનો જ છે તો "જેને આ મનુષ્યદેહમાં આત્માનું સાધન કરવું હોય તેણે હંમેશા કલાક બે કલાક સ્વાધ્યાય કરવો જોઈએ અને સ્વાધ્યાય ન થાય તે દિવસે તેને મનમાં મહાદુઃખ લાગવું જોઈએ." જેને સ્વાધ્યાયની રુચિ અને પ્રીતિ હોય તેને તો સ્વાધ્યાય ન થાય તો વીશ વર્ષનો દીકરો મરી જાય અને જેવું દુઃખ થાય તેનાથી વિશેષ દુઃખ તેને થાય છે. અરે! આ ઇતર પ્રવૃત્તિ આડે મારાં વાંચન અને શ્રવણનો સમય મને ન

મળ્યો! શ્રાવક જાણે છે કે એ શુભરાગ છે, મંદકષાય છે, ધર્મ નથી પણ એવો રાગ તેને આવ્યા વગર રહેતો નથી. આમ, ભવ્યજીવોએ શાસ્ત્રનો સ્વાધ્યાય, મનન જરૂર કરવા જોઈએ.

मन्ये न प्रायशस्तेषां कर्णाश्च हृदयानि च ।
यैरभ्यासे गुरोः शास्त्रं न श्रुतं नावधारितम् ॥ २१ ॥

આચાર્ય કહે છે, જેણે ગુરુની સમીપે રહીને શાસ્ત્ર સાંભળ્યા નથી અને તેનો અભિપ્રાય હૃદયમાં ધારણ કર્યો નથી તેને ઘણું કરીને ન તો કાન છે અને ન હૃદય પણ છે એમ અમે માનીએ છીએ.

અરે! આ તો વીજળીના ઝબકારે મોતી પરોવી લ્યો નહિ તો અંધારામાં પછી મોતી પરોવી નહિ શકાય દીવો તો છે નહિ. તેમ, ચૈતન્યને સમજવાનો, ઉદ્ધાર કરવાનો ઓળખવાનો અને શ્રદ્ધવાનો આ મનુષ્યદેહ વીજળીનો ઝબકારો છે. જો આ મનુષ્યદેહ ચાલ્યો જશે તો ચોરાશીના અવતારમાં બીજે તો ક્યાંય શરણ મળે તેમ નથી. કેટલાક લોકો કંટાળીને એમ કહે કે આ મનુષ્યદેહથી છૂટી જઈએ તો કાંઈક અશાંતિ મટે પણ તારે ક્યાં જવું છે ભાઈ! ક્યાંય માસીબાએ તારાં માટે ખાટલાં ઢાળી રાખ્યા નથી. જ્યાં જઈશ ત્યાં કર્મનો સંયોગ અને વિકારની દશા તો તારી સાથે જ છે તેથી જ્યાં જઈશ ત્યાં દુઃખ તો રહેવાનું જ છે.

જુઓ! આ શ્લોકમાં ગુરુ પાસે રહીને શાસ્ત્ર સમજવાની વાત કરી છે. પોતાની મેળે શાસ્ત્રસ્વાધ્યાય કરે તેમાં તો "સ્વચ્છંદ" થાય છે, સમજાતું નથી. વળી આ હંમેશની વાત છે. વર્ષમાં પંદર દિવસ કે પર્યુષણના દશ દિવસ સ્વાધ્યાય કરે—મોસમનો લાભ લઈ લે અને પછી આખું વર્ષ કાંઈ નહિ એમ ન હોય. સમ્યગ્દષ્ટિ, આત્માર્થીએ—આત્માના હિતના આકાંક્ષીએ શાસ્ત્રનો સ્વાધ્યાય દિન-દિન પ્રત્યે કરવો જોઈએ અને તેને હૃદયમાં ધારણ કરવો જોઈએ એટલે કે, સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાંથી પરંપરાએ આવેલા આ શાસ્ત્રો સમયસાર, પ્રવચનસાર, ષટ્ખંડાગમ આદિમાં શું કહેવું છે, દર્શનશુદ્ધિ શું છે, શ્રાવકપણું શું છે, વ્રતની સ્થિતિની મર્યાદા શું છે, તેની ભક્તિ કેવી હોય વગેરેનો શાસ્ત્રોમાં કહ્યા અનુસાર અભિપ્રાય પોતાના હૃદયમાં ધારણ ન કરે તો પદ્મનંદિ મુનિરાજ કહે છે કે તેને કાન અને મન જ નથી.

પાંચ ઇન્દ્રિયોમાં કાન મળવા સૌથી દુર્લભ છે અને તેનાથી પણ મન મળવું વધુ દુર્લભ છે. એવા કાન અને મન મળી ગયા છતાં તેનો શાસ્ત્રશ્રવણ અને ધારણ કરવામાં ઉપયોગ કરતો નથી, શાસ્ત્રના અભિપ્રાયોને હૃદયમાં ધરતો નથી તેને કાન અને મન મળ્યા તે ન મળવા બરાબર છે.

"કાન અને મન મળ્યાનું સફળપણું તો શાસ્ત્રશ્રવણ અને તેના ચિંતનથી છે." જગતની વિકથાઓ સાંભળે, સિનેમા જુએ, નોવેલો વાંચે તેનાથી તેની સફળતા નથી. સવારમાં ઊઠીને હાથમાં દાંતણ લઈ ને ચોપાનીયા વાંચતો જાય! એટલી તો તેની પ્રીતિ છે પણ શાસ્ત્ર વાંચવાની પ્રીતિ નથી તેના કાન અને મન નિષ્ફળ છે. માટે વિદ્વાનો, બુદ્ધિમાનો અથવા જ્ઞાનીઓએ તો શાસ્ત્રનું શ્રવણ અને તેનું મનન જરૂર કરવું જોઈએ. જેથી તેને કાન અને મન મળ્યાની સફળતા થાય છે.

હવે મુનિરાજ 'સંયમ' નામના ચોથા આવશ્યકનું કથન કરે છે. "ગૃહસ્થ શ્રાવકના આ ષટ્કર્તવ્ય ઉપાસક સૂત્રમાં ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં છે તેમાંથી મુનિરાજ અહીં આ અધિકારમાં કહ્યાં છે. સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં ભગવાન સર્વજ્ઞ વીતરાગદેવ તીર્થાધિનાથની વાણીમાં આવેલી આ વાત છે.

देशव्रतानुसारेण संयमोऽपि निषेव्यते ।
गृहस्थैर्येन तेनैव जायते फलवद्व्रतम् ॥ २२ ॥

શ્રાવકને પોતાની ભૂમિકા અનુસાર હંમેશા પાંચ ઇન્દ્રિયોનું દમન, મનને કંઈક અંશે રાગથી પાછું વાળવું તથા છકાય જીવની હિંસામાંથી કાંઈક વૃત્તિ પાછી વાળવી એવો જે સંયમભાવ દિન-દિન પ્રત્યે હોવો જોઈએ. દૃષ્ટિ, જ્ઞાન સહિત આવા વ્રતથી તેનો ગૃહસ્થાશ્રમ પણ પૂજ્ય ગણાય છે. સંયમ વિના ૧૨ વ્રતનું સફળપણું નથી.

શરૂઆતમાં 'ધર્મોપદેશામૃત' નામના પ્રથમ અધિકારની ૧૩મી ગાથામાં (આઠમા પાને) શ્રાવકના ગૃહસ્થાશ્રમને પૂજ્ય કહ્યો છે. જે ગૃહસ્થ-અવસ્થામાં જિનેન્દ્રોની આરાધના થાય છે, નિર્ગ્રંથ ગુરુઓનો વિનય કરાય છે, ધર્માત્માપુરુષો પ્રત્યે અત્યંત વાત્સલ્યભાવ રહે છે, પાત્રોને દાન આપવામાં આવે છે, આપત્તિથી પીડિત પ્રાણીઓ ઉપર પણ દયાબુદ્ધિથી દાન અપાય છે, તત્ત્વોનું પરિશીલન કરવામાં આવે છે, પોતાના વ્રતો પ્રત્યે અર્થાત્ ગૃહસ્થધર્મ પ્રત્યે પ્રેમ રાખવામાં આવે છે તથા નિર્મળ સમ્યગ્દર્શન ધારણ કરવામાં આવ્યું છે એવી ગૃહસ્થ અવસ્થા વિદ્વાનોને પૂજ્ય છે. અને તેના વગરની ગૃહસ્થદશા તો મોહજાળથી બાંધેલી છે તે તો ચોરાશીના અવતારની જેલમાં પડવાના છે, કેવળ દુઃખદાયક છે.

જેમાં તત્ત્વનો અભ્યાસ ન હોય, સમ્યગ્દર્શન-જ્ઞાનની ખબર ન હોય, વ્રતના પાલન ન હોય, શાસ્ત્રનો અભ્યાસ ન હોય એવા ગૃહસ્થાશ્રમને તો કહે છે કે, અંજલિ દઈને પાણીમાં બોળી દે. કેમકે એ તો દુઃખદાયક ફળ દેનારો છે. એ તો મોહની પાશમાં બંધાયેલો છે. એમ ન હોય કે મુનિદશામાં જ સંયમ હોય. શ્રાવકને પણ સંયમ હોય અને એવો ગૃહસ્થાશ્રમ પૂજ્ય છે.

ભાવાર્થ :—શ્રાવકે એકદેશ વ્રત અનુસાર સંયમ પણ જરૂર પાળવો જોઈએ જેથી તેના વ્રતની સફળતા થાય એટલે કે તેના ફળમાં સ્વર્ગ મળે અને ત્યાંથી આવીને ફરી પૂર્ણ સંયમ ધારણ કરીને મોક્ષને પામે.

છકાય જીવોની રક્ષા કરવી તે પણ સંયમ છે. તેમાં રક્ષા કરી શકે છે કે નથી કરી શકતો એ પ્રશ્ન નથી પણ તેમાં તો શ્રાવકને જીવો પ્રત્યે દયાનો ભાવ હોય છે. દુઃખ દેવાનો ભાવ હોતો નથી. છકાય જીવોની રક્ષા અને પાંચ ઇન્દ્રિય અને મનને વશમાં રાખવાનો ભાવ તે સંયમ છે. જ્યાં સુધી આ સંયમ ધારણ કરવામાં ન આવે ત્યાં સુધી તેના વ્રત ફળીભૂત થતાં નથી, માટે મુનિરાજ કહે છે કે, સમ્યગ્દષ્ટિ શ્રાવકે સંયમ જરૂર પાળવો જોઈએ જેથી તેના વ્રત ફળદાતા બને. સ્વર્ગ મળીને એકાવતારી થઈને મોક્ષ જાય. આવું ગૃહસ્થપણું પણ પૂજ્ય છે.

અરે, ચોવીશ કલાકમાં નોકરી-ધંધે જવું, બાયડી-છોકરાને સંભાળવા કે આ આવશ્યક પાળવા ? એમ જેને પ્રશ્ન થાય છે તેને મુનિરાજ કહે છે કે, તારે તારો ઉદ્ધાર કરવો હોય તો હંમેશા આ કર્તવ્ય કરવા અને જો મોહની જાળમાં ફસાવું હોય તો અનાદિથી જે કરતો આવ્યો છો તે કર્યા કર! તેનાં ફળમાં નરક-નિગોદમાં જઈશ ત્યાં તારી સામું જોનારું કોઈ નહિ મળે.

આ ઉત્તમ મનુષ્યદેહ પામીને ધર્માત્માઓએ બાર વ્રતાદિ લઈને, નિર્મળપણે પાળીને મનુષ્યભવને સફળ કરવો.

त्याज्यं मांसं च मद्यं च मधूदुम्बरपंचकम् ।
अष्टौ मूलगुणाः प्रोक्ताः गृहिणो दृष्टिपूर्वकाः ॥ २३ ॥

શ્રાવકોને આત્માના ભાનની ભૂમિકા સહિત આઠ મૂળગુણનું પાલન હોવું જોઈએ. માંસ, મદ્ય, મધુ અને પાંચ ઉદમ્બરફળ (ઉમર, કઠુમર, પાકર, વડ અને પીપળો) આ આઠ વસ્તુનો ત્યાગ તેને આઠ મૂળગુણ કહેવાય છે. જેમ વૃક્ષના મૂળીયા ઊંડા હોય તો તેની સ્થિતિ ઘણો વખત રહે છે અને મૂળ ઊંડા ન હોય તો વૃક્ષ લાંબો સમય ટકતું નથી તેમ, આ મૂળગુણો વિના શ્રાવકના ઉત્તરગુણો (અણુવ્રતાદિ)ની સ્થિતિ પણ દૃઢ રહેતી નથી તેથી આ ગુણોને મૂળગુણ કહેવાય છે. તેની પણ શરૂઆતમાં સમ્યગ્દર્શન અવશ્ય હોવું જોઈએ. કેમકે, તેના વિના વ્રતાદિ નિષ્ફળ જાય છે.

માંસ અને મદ્ય એટલે દારૂમાં ઘણાં ત્રસજીવોનો ઘાત થાય છે, માણસની બુદ્ધિ બગડવામાં તે નિમિત્ત થાય છે એવા દારૂ અને માંસ શ્રાવકને ન હોય. મધુના એક બિંદુમાં સાત ગામ મારવા જેટલું પાપ છે. કૃત્રિમ મધ હોય તે પણ ખાવા યોગ્ય નથી.

કેટલાક ગૃહસ્થો રોટલીમાં મધ ખાતા હોય છે, કેટલાંક તો સાધુ નામ ધરાવીને મધ ખાય છે પણ ખરેખર તો ગૃહસ્થને દવામાં પણ મધનો ઉપયોગ ન હોય શકે. કેમ કે મધમાં પણ માંસની જેમ ઘણી ત્રસહિંસા થાય છે.

લોકોને નિશ્ચયની વાત સારી લાગે છે પણ આ ત્યાગ કરવો મોંઘો પડે છે પણ ભાઈ! નિશ્ચયની સાથે જ આવો વ્યવહાર હોય છે. ગૃહસ્થાશ્રમમાં રહેલાં ધર્મબુદ્ધિવંત શ્રાવકને મધ, માંસ અને દારૂનો અવશ્ય ત્યાગ હોય છે.

ઉમરના ફળમાં એકલા ત્રસ...ત્રસ રહેલા હોય છે. એ જ રીતે ટેટા, પેપડી વગેરે પણ ત્રસના સ્થાન છે. તેનું ગૃહસ્થો શાક કરીને ખાય છે અને પછી આવીને સામાયિક કરવા બેસે. ભાઈ! તારે હજૂ ત્રસની હિંસા અને ત્રસના માંસ નહિ ખાવાના ઠેકાણાં નથી અને સામાયિક ને પોષા તારે કયાંથી આવ્યા? ઘણાં વર્ષ પહેલા અમે એક ઘરે આહાર લેવા ગયા ત્યાં પેપડીનું શાક જોયું—અરર...આ?

શ્રાવકે આ આઠેય ચીજનો અવશ્ય ત્યાગ કરી દેવો જોઈએ. સમ્યગ્દર્શનપૂર્વક આ આઠનો ત્યાગ એ જ આઠ મૂળગુણ છે. જેમ મુનિદશામાં અઠયાવીસ મૂળગુણના પાલનનો ભાવ હોય છે તેમ શ્રાવકદશામાં આ આઠ મૂળગુણના પાલનનો ભાવ હોય છે. ભલે તે વિકલ્પ છે પણ એવો ભાવ મુનિને કે શ્રાવકને આવ્યા વગર રહેતા નથી. એમ ન હોય કે નિશ્ચયથી આત્મા કયાં કોઈને મારી કે જીવાડી શકે છે! એવો સ્વછંદ ભાવ ન હોય પણ જેમાં ત્રસ હોય એવી ચીજ ખાવાનો કે જીવોને મારવાનો ભાવ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને ન હોઈ શકે.

अणुव्रतानि पञ्चैव त्रिप्रकारं गुणव्रतम् ।
शिक्षाव्रतानि चत्वारि द्वादशेति गृहिव्रते ॥ २४ ॥

ગૃહસ્થાશ્રમમાં શ્રાવકોને સમ્યગ્દર્શનપૂર્વક બાર વ્રત અવશ્ય હોવા જોઈએ. સ્વરૂપની દૃષ્ટિ થઈ ને જેટલા અંશે સ્થિરતા થાય તેટલે અંશે નિશ્ચયથી શ્રાવકપણું અને તેને વિકલ્પમાં રાગની મંદતામાં બાર વ્રતાદિનો શુભભાવ આવ્યા વગર રહેતો નથી. તે ભાવ વ્યવહાર-શ્રાવકદશા છે.

પાંચ પ્રકારના અણુવ્રત, ત્રણ પ્રકારના ગુણવ્રત અને ચાર પ્રકારના શિક્ષાવ્રત આ બાર વ્રત ગૃહસ્થને અવશ્ય હોય છે.

૧. અહિંસા અણુવ્રત :—કોઈપણ ત્રસ જીવોને બુદ્ધિપૂર્વક મારવાનો શ્રાવકને ત્યાગ હોય છે તે અહિંસા અણુવ્રત છે.

દૃષ્ટિની અપેક્ષાએ વાત ચાલતી હોય ત્યાં રાગનો ત્યાગ કરનાર કહેવો તે પણ મિથ્યાત્વ છે એમ કહેવાય પણ અહીં જ્યાં વ્યવહારની વાત ચાલે છે ત્યાં વ્યવહારથી જેમ છે તેમ સમજવું જોઈએ. આ તો કર્તૃત્વબુદ્ધિ વગરના કર્તવ્યની વાત છે. વ્યવહારે કર્તવ્ય છે પણ નિશ્ચયમાં આ કરું એવી કર્તૃત્વબુદ્ધિ ધર્મીને હોતી નથી. આ તો તલવારની ધાર જેવી વાત છે. "નિશ્ચયને ભૂલે તો વસ્તુ જ રહેતી નથી" અને ભૂમિકા અનુસારનો વ્યવહાર ન હોય તો તીર્થનો નાશ થાય છે. "સ્વભાવનો આશ્રય ન રહે તો તત્ત્વનો નાશ થાય છે" અને ચોથું, પાચમું, છઠ્ઠું આદિ ગુણસ્થાન અનુસાર નિર્મળતાની સાથેનો વ્યવહાર ન હોય તો તીર્થનો નાશ થઈ જાય છે. માટે બંને નયનું વાસ્તવિક જ્ઞાન જોઈએ. "નિશ્ચય આદરણીય છે અને વ્યવહારે, વ્યવહાર પણ આદરણીય છે."

૨. સત્ય અણુવ્રત:— જેને સમ્યક્ સત્ય પ્રગટયું છે તેને આગળ વધતાં સત્ય અણુવ્રતનો પણ ભાવ વિકલ્પરૂપે આવે છે. સ્થૂળ અસત્ય વચન સ્વયં ન બોલવું, બીજાને એ માટે પ્રેરિત ન કરવા તથા જે સત્ય વચનથી બીજા વિપત્તિમાં પડતા હોય એવા સત્ય વચન પણ ન બોલવા તેને સત્યાણુવ્રત કહે છે.

૩. અચૌર્ય અણુવ્રત:—કોઈના દીધા વિના એક પણ ચીજ ગ્રહણ ન કરે તે અચૌર્ય અણુવ્રત છે.

૪. બ્રહ્મચર્ય અણુવ્રત:—શ્રાવકને પરસ્ત્રીનો ત્યાગ અને સ્વસ્ત્રીમાં પણ મર્યાદા હોય એ બ્રહ્મચર્ય અણુવ્રત છે. શ્રાવકની દશામાં આવો ભાવ ન હોય તો શ્રાવકપણું જ ન હોઈ શકે.

૫. પરિગ્રહ પરિમાણવ્રત:—શ્રાવક પરિગ્રહની મર્યાદા બાંધે છે. ભલે શ્રાવક ચક્રવર્તી હોય તો પણ પરિગ્રહમાં મર્યાદા બાંધે છે.

૬. દિગ્વ્રત:—મમતાના અભાવ માટે આ જાતના વ્રતો શ્રાવકને હોય છે કે, અમુક દિશામાં જીવન પર્યંત ન જવું એવો નિયમ લઈ લેવો તેને દિગ્વ્રત કહે છે.

૭. દેશવ્રત:—દિગ્વ્રતમાં બાંધેલી મર્યાદાની અંદર પણ કેટલાક સમય માટે અમુક નગર, ગામ કે ઘર આદિમાં ન જવું એવી મર્યાદા બાંધવી તે દેશવ્રત છે. ગૃહસ્થાશ્રમમાં મમતા ઘટાડવા માટે શ્રાવકને એવો ભાવ આવે છે.

૮. અનર્થદંડવ્રત:—વગર પ્રયોજને, અનર્થકારક કાર્યો કરવાનો શ્રાવકને ત્યાગ હોય છે. જીવોની હિંસા થાય તેવા હથિયાર બનાવવા આદિનો શ્રાવકને ત્યાગ હોય છે.

૯. સામાયિક:—શ્રાવક હંમેશા બે ઘડી ચૈતન્યમાં કરવાનો પ્રયોગ, અજમાયશ કરે છે કે જે ચૈતન્યની પ્રતીતિ કરી છે તેમાં હું કેટલો વખત રહી શકું છું, કેમ રહી શકું છું

એવો પ્રયોગ કરે છે. "આખો દિવસ આરંભ-પરિગ્રહમાં પડયો રહે અને આત્માનો પ્રયોગ ન કરે તો શ્રાવકપણું રહેતું નથી."

૧૦. પૌષધ :—શ્રાવક આઠમ, ચૌદશ આદિ પર્વના દિવસો ઉપવાસ કરીને આત્માને પોષે છે. સામાયિકમાં જે પ્રયોગ બે ઘડી કરે છે તે જ પ્રયોગ પૌષધમાં બારથી ચોવીશ કલાક કરે છે જેમ ચણો પાણીમાં [illegible] થાય તેમ પૌષધમાં શ્રાવક આત્માના ભાવપ્રાણને પુષ્ટ કરે છે.

૧૧. ભોગોપભોગ પરિમાણવ્રત :—શ્રાવક ભોગ્ય અને ઉપભોગ્ય વિષયોની મર્યાદા બાંધીને તેનાથી વિશેષની ઇચ્છા કરતો નથી.

૧૨. વૈયાવૃત અથવા અતિથિસંવિભાગવ્રત :—મુનિ અથવા ધર્માત્માની સેવા કરવી અથવા તેમને આહાર આદિ દાન દેવું તે વૈયાવૃત્ત છે.

આ રીતે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત આ બાર વ્રત શ્રાવકને જરૂર હોય જ છે. પાંચમા ગુણસ્થાને આવા વ્રત આવ્યા વગર રહેતા જ નથી તેને શ્રાવક વ્રત પાળે છે એમ વ્યવહારનયથી કહેવાય છે.

વ્યવહાર સાથે હોય તો જ નિશ્ચય ટકી શકે છે. નહિ તો ટકી શકતો નથી. સવારના (સમયસાર)ના વ્યાખ્યાનની વાત એને સારી લાગે કે, પૈસા ખરચવાની (દાનમાં દેવાની) વાત ન આવે એટલે પૈસા બાયડી-છોકરાં માટે ભેગાં કરાય! અહાહા...હા...! બાયડી-છોકરાં એ તો સાપોલિયા છે તે તો તને ખાઈ જશે. તેને માટે પૈસા ભેગા કરીને રાખી મૂકવાનો તને ભાવ થાય અને ધર્મના માટે રાગ ઘટાડીને કાંઈક દાનાદિ દેવાની વાત આવે ત્યાં...આત્મા તો નિર્વિકલ્પ છે માટે એવો વિકલ્પ ઉઠાવવો નહિ! શાસ્ત્ર ભણવાની વાત આવે ત્યાં કહે, શાસ્ત્રમાં રમતી બુદ્ધિને તો વ્યભિચારી કહી છે!

ભાઈ! વાત તો સાચી છે કે, જે બુદ્ધિ સ્વદ્રવ્યથી ખસીને પરદ્રવ્યમાં જાય તે વ્યભિચારી જ છે પણ તે અશુભમાં જાય તેની કરતાં શુભમાં જાય તે કાંઈક ઠીક છે. આ વાત સમજાવવા માટે મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્રમાં સ્ત્રીનું દૃષ્ટાંત આપ્યું છે કે, જો સ્ત્રી ઘરમાં જ નિરંતર રહી શકે તો તો બરાબર છે પણ ઘરમાં ન રહી શકે અને બહાર જાય તો મિત્રો કે સંબંધીઓને ત્યાં જાય અને વિષય ન લે તો પ્રસંશનીય છે પણ બહાર જઈને કુશીલ સેવે તો એ વધુ ખરાબ છે તેમ બુદ્ધિ પરમાં જાય તે વ્યભિચારી જ છે પણ અશુભમાં જેટલું પાપ અને દોષ છે તેના કરતાં દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, પૂજા આદિમાં વૃત્તિ જાય છે તેમાં દોષ ઓછો છે. વ્યવહારે તેને કુશીલ કહેવામાં આવતો નથી. શુભભાવ તો ધર્મી શ્રાવકને આવ્યા વગર રહેતાં જ નથી.

હવે શ્રાવકના ષટ્કર્તવ્યમાંથી પાંચમાં 'તપ' કર્તવ્યનું વર્ણન આવે છે.

पर्वस्वथ यथाशक्ति मुक्तित्यागादिकं तपः ।
वस्त्रपूतं पिबेत्तोयं रात्रिभोजनवर्जनम् ॥ २५ ॥

શ્રાવક હંમેશા પોતાની શક્તિ અનુસાર તપ કરે છે. અશુભથી બચવા માટે શ્રાવકને શુભરાગ આવ્યા વગર રહેતો નથી. આઠમ, ચૌદશ આદિ પર્વના દિવસોમાં શ્રાવક ચાર પ્રકારના આહારનો રાગ ઘટાડે છે. બાપુ! એવો રાગ આવ્યા વિના રહેતો નથી. એ સમજે છે કે આ વિકલ્પ છે પણ આહાર કરીને સંસારને અને વિષયને પોષવાનો રાગ આવે તો એ તો તીવ્ર રાગ છે. એ તીવ્ર રાગથી બચવા માટે શ્રાવકને શક્તિ અનુસાર ઉણોદરી, ઉપવાસ આદિ તપનો ભાવ હંમેશા હોય છે. હંમેશા પાણી ગાળીને પીએ છે કેમ કે અણગળ પાણીમાં ત્રસની હિંસા થાય છે અને ત્રસની હિંસામાં માંસનો દોષ લાગે છે. માટે શ્રાવક પાકા ગળણાથી ગળીને પાણી પીવે છે. ગળણું લાવવું અને ગળવું આદિ ક્રિયા આત્મા કરી શકતો નથી પણ તેના ભાવમાં એવા જ પરિણામ હોય છે એમ કહેવું છે.

શ્રાવકને રાત્રિભોજનનો ત્યાગ હોય છે. કેમ કે રાત્રે ત્રસ જીવોની ઉત્પત્તિ ઘણી હોય છે તે ખોરાકમાં પડે છે અને મરે છે તેથી શ્રાવકને રાત્રિભોજન હોતું નથી. સ્વભાવની દૃષ્ટિપૂર્વક શ્રાવકને રાત્રિભોજનનો ત્યાગ હોય છે.

નિશ્ચયની વાત સાંભળીને કેટલાંક તો એવા સ્વચ્છંદી થઈ ગયા છે કે રાત્રે, હોટલમાં જઈને બટાટાના શાક આદિ ખાતાં હોય છે અને વળી કહે કે આત્મા ખાતો જ નથી. અરે ભાઈ! તને શરમ નથી આવતી? તારાથી તો ધર્મ લાજે છે! જૈન નામ ધરાવીને રાત્રિમાં ખાય, હોટલમાં જાય, સિનેમામાં જાય અને ઉપરથી કહે કે આત્મા ક્યાં કાંઈ કરે છે? ભાઈ! તું તો જૈન નામ ધરાવવાને પણ લાયક નથી. આત્મા ખાતો નથી પણ ખાવાના ભાવ કોણ કરે છે એ તો તું વિચાર!

કેટલાંક એમ કહે કે રાત્રે ખવાય નહિ પણ દૂધ ને પાણી તો પીવાય. પણ એમ ન હોય ભાઈ! રાત્રે ચારેય પ્રકારના આહારનો ત્યાગ હોય. અરે, ચકલા જેવા પક્ષી અને પશુઓ પણ સાંજથી સવાર સુધી ખાતાં-પીતાં નથી અને તું મનુષ્ય થઈને રાત્રે ખાય પીએ છે? રાત્રે ખાવામાં તો ત્રસહિંસાને કારણે ખોરાક માંસતુલ્ય બની જાય છે. માટે આત્માર્થીને, ભવભીરુંને—જેને ચારગતિનો ત્રાસ લાગ્યો છે તેને રાત્રિભોજન ન હોય. આ હંમેશાની વાત છે હો! જેને દૃષ્ટિમાં રાગનો અભાવ છે તેને પર્યાયમાં

રાગની મંદતાનો આવો ભાવ આવ્યા વિના રહેતો નથી. તેને વ્યવહારે 'કરે છે' એમ કહેવાય છે.

तं देशं तं नरं तत्स्वं तत्कर्माणि च नाश्रयेत् ।
मलिनं दर्शनं येन येन च व्रतखण्डनम् ॥ २६ ॥

જે દેશાદિના નિમિત્તે સમ્યગ્દર્શનમાં મલિનતા આવતી હોય અને વ્રતોનો નાશ થતો હોય એવા તે દેશ, તે મનુષ્ય, તે દ્રવ્ય તથા તે ક્રિયાઓનો પણ શ્રાવકે પરિત્યાગ કરી દેવો જોઈએ.

સમ્યગ્દષ્ટિ અને શ્રાવક જે દેશમાં સમ્યક્ત્વને ધક્કો લાગે, મલિનતા આવે, વ્રત ખંડિત થાય એવા દેશમાં રહે નહિ. પરદેશમાં જઈને રહે ને ત્યાં ખાવાના ઠેકાણા ન હોય, ખોરાકમાં ઇંડા આદિના રસ આવતાં હોય, પોતાને રસોઈ આવડતી ન હોય એટલે હોટલમાં ખાવા જવું પડતું હોય એવા દેશમાં ભલે લાખ, કરોડ રૂપિયા મળતાં હોય તોપણ ધર્મી ત્યાં ન રહે.

શ્રોતા:—ત્યાં પણ ઉપદેશક આદિ બધું હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી:—એમાં કાંઈ ન મળે. અહીં જ્યાં પોતે જૈનકુળમાં જન્મ્યો છે તેને પણ સર્વજ્ઞ વીતરાગનો માર્ગ સમજવો કઠણ પડે છે તો ત્યાં ગોરા આદિ અન્યમતિઓ શું સમજતાં હોય! બાપુ! ધર્મ કોઈ એવી ચીજ છે કે એ સાધારણ જનતાને સહેલાઈથી સમજાય તેમ નથી. વીતરાગદેવ કોને કહેવાય, પંચપરમેષ્ઠી કોણ, તેમના કહેલાં છ દ્રવ્યો શું, નવ તત્ત્વો—જીવ અને અજીવ તથા તેની સાત પર્યાય એ શું છે તેની ખબર ન મળે ત્યાં તેને સમ્યગ્દર્શન અને વ્રતાદિ ક્યાંથી હોય! જૈન નામ ધરાવનારાને પણ હજુ દર્શનશુદ્ધિ શું છે તેની ખબર નથી અને વાસ્તવિક દર્શનશુદ્ધિ કેમ થાય તેની વાત પણ સાંભળવા મળતી નથી તો પરદેશી પાસે એ વાત ક્યાંથી હોય!

અહીં આચાર્ય કહે છે કે, સમ્યગ્દષ્ટિ શ્રાવક પોતાના ધર્મની રક્ષા ખાતર એવા દેશમાં રહેવાનું છોડી દે છે. ધન તો બીજે મળી રહેશે પણ ધર્મ નહિ મળે માટે તે ધનના મોહે ત્યાં રહેતો નથી. ત્યાં વરસના કરોડ રૂપિયા મળતાં હોય તોપણ એવી ઇચ્છાનો ધર્મીને નિરોધ હોય છે માટે આ વાત 'તપ' આવશ્યકમાં લીધી છે.

શ્રાવક જેમ એવા દેશને છોડી દે છે તેમ કુસંગ થાય તેવા પુરુષને પણ છોડી દે છે. જેના સંગથી કુદૃષ્ટિ અને વિપરીત માન્યતા થાય, કુશીલ સેવાય એવા સંગને જ ધર્મી છોડી દે છે. ધર્મથી વિરુદ્ધ વાત કહેનાર હોય અને ધનાદિનો ઘણો લાભ દેતો હોય તોપણ શ્રાવક તેના સંગની ઇચ્છાને તોડી નાંખે છે. વિજ્ઞાન આદિની વાત

કરી કરીને આખો દિવસ ઊંધા અભિપ્રાયના લાકડા ભરાવતો હોય કે વિજ્ઞાને તો આ શોધ કરી, રોકેટમાં આવી તાકાત છે, માણસ ચંદ્ર ઉપર જઈ આવ્યો વગેરે મિથ્યા માન્યતાની વાતો કરતો હોય તેનો સંગ ધર્મી ન કરે. "જૈનદર્શનમાં વસ્તુનું સ્વરૂપ જેમ કહ્યું છે તે ત્રણકાળ ત્રણલોકમાં ફરે તેવું નથી. સર્વજ્ઞે કહેલું તત્ત્વ ત્રિકાળ સત્ય છે માટે જેણે પોતાના આત્માનું હિત કરવું હોય તે લૌકિક-જૂઠા સંગમાં ન જાય. કુદેવ, કુશાસ્ત્ર, કુગુરુને માનનારા અને એકાંત મિથ્યાત્વને સેવનારાઓનો સંગ ધર્મી અથવા આત્માર્થી કદી ન કરે."

એ જ રીતે જૈનસાધુ નામ ધરાવનારા કુલિંગી કે જે યુક્તિ, ન્યાય, દલીલ અને દૃષ્ટાંત આપી આપીને મિથ્યા માન્યતાને પુષ્ટ કરાવતાં હોય તેનો સંગ પણ શ્રાવક કદી ન કરે. તેના પરિચયમાં મોટું માન મળતું હોય તોપણ શ્રાવક ત્યાં ન જાય.

પદ્મનંદિ મુનિરાજ ભાવલિંગી સંત શ્રાવકની દશાનું આવું વર્ણન કરે છે કે, તે દેશ અને તેવા પુરુષના સંગને છોડી દેજે કે જેમાં તારાં સમ્યગ્દર્શન અને વ્રતમાં ખંડ પડે. હવે આગળની ગાથામાં કહે છે કે એવા ધનને પણ છોડી દેજે.

કરોડપતિ માણસ હોય, પોતે પરસ્ત્રી લંપટી હોય અને ધર્મીને કહે કે, તમને ધંધામાં લગાડી દઉં પણ તેમાં બીજી ઘણી ચીજોની સાથે માંસના ડબ્બાનું વેચાણ પણ રાખવું પડશે કેમ કે તેના વગર ગ્રાહક બીજી ચીજ લેવા પણ આવશે નહિ. માટે માંસના ડબ્બા, માછલીનું તેલ-કોડલીવર, અળસિયાના કટકા કરીને બનાવેલી વીર્યવર્ધક ચીજ વગેરે વેચવું પડશે. રાજકોટમાં અમે નજરે જોયેલું છે કે એક માણસ અળસિયા વીણતો હતો. તેને પૂછયું આ શું કરે છો? તો કહે અળસિયા ભેગા કરું છું તેમાંથી એક બાવાજી છે તે વીર્યવર્ધક બાદશાહી આકુતી (દવા) બનાવે છે. તે માટે કટકા કરીને અળસિયા એક ડબ્બામાં ભરતો હતો. આવું કામ કરવાનું કોઈ કહે તો ધર્મી જીવ લાખો રૂપિયા મળતાં હોય તો પણ તે કામ સ્વીકારે નહિ. અરે ઇન્દ્રપદ મળતું હોય તોપણ ધર્મી તેને છોડી દે.

આ અત્તરના ધંધામાં બહુ પેદાશ છે, પરદેશમાં માલ જાય છે, બહુ લાભનો ધંધો છે એમ કોઈ ધંધો બતાવે તો ધર્મી તે ધંધો ન કરે. અત્તરનાં એક ટીપામાં એટલા ત્રસ છે કે તે માંસ જ સમજો. એવો માલ ભલે પરદેશમાં જાય કે સ્વદેશમાં, પણ જેમાં વિભાવની તીવ્રતામાં એકાકાર થવાય એવું કાર્ય શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં પણ ન હોઈ શકે.

જુઓ, મુનિને પણ આવી ખબર છે કે લોકો પોતાના વિભાવને પોષવા માટે કેવા કેવા પાપ કરતાં હોય છે માટે કહે છે કે અબજોની પેદાશ મળતી હોય તોપણ શ્રાવક એવા કામ ન કરે. શ્રાવક એવી અમલદાર અધિકારી આદિની નોકરી પણ ન કરે કે જેમાં બીજાને પ્રાણીહિંસાની આજ્ઞા કરવી પડે. એવી નોકરીમાંથી પણ શ્રાવક છૂટો થઈ જાય. પૈસાની પરવા ન કરે. સીધી રીતે કે આડકતરી રીતે જેમાં માંસ આદિના વેચાણનો કે જીવહિંસાનો ઉપયોગ આવતો હોય કે એવી કોઈ ક્રિયા કરવી પડતી હોય કે તેમાં હાજરી અને સહી આપવી પડતી હોય તેવું કાર્ય શ્રાવક કદાપિ ન કરે.

બાવળમાંથી રંગ બને છે તેમાં ઘણી કમાણી થાય છે. પણ તે બનાવવામાં બાવળની છાલને પલાળે તેમાં ઇયળો અને કીડા પડી જાય છે તેને મારીને રંગ બનાવીને વેચે—જેમાં કીડા ખદબદતા હોય તેની ખેળ કરે અને કપડાં ઉપર મીલમાં લગાડે એટલે કપડાંમાં ચમક થાય. તેના વેપારમાં ઘણો લાભ થતો હોય તેને શ્રાવક જતો કરે છે. એટલી "ઇચ્છાનો નિરોધ તો શ્રાવકને હોય જ છે." એટલી ઇચ્છાનો નિરોધ ન હોય તો તેનું શ્રાવકપણું કે ધર્મીપણું જ રહેતું નથી.

આમ, શ્રાવક એવા દેશ, એવો સંગ, ધન અને એવી ક્રિયાને છોડી દે છે કે જેનાથી તેના શ્રાવકપણામાં મલિનતા આવે. કેમ કે તો જ તેનું સમ્યગ્દર્શન અને શ્રાવકપણું ટકી શકે છે, નહિ તો ટકી ન શકે. [ ક્રમશઃ ]

—*—

* હેઠલી વાતના ઠેકાણાં ન હોય તેને ઉપલી વાત આ બેસશે શી રીતે ? પાત્રતારૂપ નીચલી વાતનું ઠેકાણું ન હોય તેને ઉપલી વાત અર્થાત્ અધ્યાત્મની અલૌકિક વાત શી રીતે બેસી શકે ?

* સ્વર્ગમાં જવાને યોગ્ય પરિણામના પણ હજુ જેને ઠેકાણાં નથી, મનુષ્યમાં જવાને યોગ્ય પરિણામના પણ ઠેકાણાં નથી અને ધર્મ પામવાને યોગ્ય પરિણામના ઠેકાણાં હોય તેમ બને નહીં.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# 卐 સિદ્ધોમાં ઉત્પાદ-વ્યયની સિદ્ધિ 卐

[ શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(સળંગ પ્રવચન નં. ૩૮)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની ૫૬મી ગાથા ચાલે છે. તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવનો અધિકાર ચાલે છે.

આત્મા-વસ્તુ ત્રિકાળ ધ્રુવ છે અને ઉત્પાદ-વ્યય એટલે અવસ્થાનું થવું-પરિણમવું. તે ઉત્પાદ-વ્યય આ ધ્રુવમાં નથી. અવસ્થાનું થવું-પરિણમવું એ પર્યાયનયનો વિષય છે. અને ધ્રુવ દ્રવ્યાર્થિકનયનો વિષય છે.

જે જ્ઞાનનો અંશ ત્રિકાળ ધ્રુવ દ્રવ્યને વિષય બનાવે તેને દ્રવ્યાર્થિકનય કહે છે અને જે જ્ઞાનની પર્યાય ઉત્પાદ-વ્યય ને વિષય બનાવે- લક્ષમાં લે, તેને પર્યાયાર્થિકનય કહે છે અથવા વ્યવહારનય પણ કહેવાય છે.

સંસારીજીવને મનુષ્યભવનો વ્યય અને દેવનો ઉત્પાદ અને જીવ પોતે ધ્રુવ છે. એ રીતે વિભાવનો ઉત્પાદ-વ્યય થાય છે. મનુષ્યભવ એટલે મનુષ્ય શરીર નહિ પણ એ જાતની દ્રવ્યની યોગ્યતાને મનુષ્યગતિ કહેવાય છે. એ જાતની ગતિની યોગ્યતાનો ઉત્પાદ-વ્યય થયા કરે છે પણ ધ્રુવ તો કાયમ ટકી રહે છે.

આ રીતે સંસારી જીવને તો મનુષ્યગતિની યોગ્યતાવાળા ભાવનો વ્યય અને દેવગતિનો ઉત્પાદ, વળી દેવનો વ્યય અને તિર્યંચનો ઉત્પાદ, એ રીતે પર્યાયમાં ઉત્પાદ-વ્યય થયા કરે છે—આ ભાવની વાત છે હો! શરીરના ઉત્પાદ-વ્યય તેના પરમાણુમાં થાય છે, જીવમાં નહિ.

હવે શિષ્યને પ્રશ્ન થાય છે કે, સંસારી જીવને તો વિભાવદશાનો આ રીતે ઉત્પાદ-વ્યય સિદ્ધ થાય છે પણ સિદ્ધને તો હવે કોઈ ભવ નથી, સિદ્ધ તો અવિનાશી છે તો સિદ્ધને ઉત્પાદ-વ્યય કેવી રીતે સિદ્ધ (સાબિત) થાય છે?

શ્રીગુરુ શિષ્યના પ્રશ્નનું સમાધાન કરે છે કે, સિદ્ધમાં પણ ઉત્પાદ-વ્યય ઘટી શકે છે કેમ કે, એક અગુરુલઘુ-નામનો ગુણ છે તેની પરિણતિમાં ષટ્‌ગુણ હાનિ-વૃદ્ધિનું પરિણમન થયા જ કરે છે. પણ તે કેવળીગમ્ય છે. એ રીતે, સંસારી જેવો ગતિનો ઉત્પાદ-વ્યય નહિ પણ સિદ્ધને અગુરુલઘુગુણની પર્યાયમાં ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિની અપેક્ષાએ ઉત્પાદ-વ્યય કહેવામાં આવે છે.

સંસારીજીવને મનુષ્ય, દેવાદિ ગતિનો ઉત્પાદ-વ્યય ભવ પલટવાની અપેક્ષાએ સામાન્ય રીતે કહ્યો પણ ખરેખર તો જીવની પર્યાયમાં સમયે-સમયે ગતિનો ઉત્પાદ-વ્યય ચાલુ હોય છે અને સિદ્ધોને દરેક સમયે ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિ પર્યાયમાં થાય છે એ સર્વજ્ઞે જોયું છે. એક સમયમાં થયેલી ષટ્‌ગુણી હાનિ-વૃદ્ધિનો બીજા સમયે વ્યય થઈને બીજો નવો ઉત્પાદ થાય છે. એ રીતે દરેક સમયે ઉત્પાદ-વ્યય ચાલુ રહે છે.

બીજી રીતે જોઈએ તો દરેક જીવ, દરેક પરમાણુ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ આ છ એ દ્રવ્યની પર્યાયમાં સમયે-સમયે જે ઉત્પાદ-વ્યય થાય છે તે બધાં સિદ્ધના જ્ઞાનની પર્યાયમાં એક સમયમાં જણાય છે. જ્ઞાનની પરિણતિ જ્ઞેયાકારે પરિણમે છે તેથી જ્ઞેય પદાર્થમાં જે ઉત્પાદ-વ્યય થાય છે તે બધાં જ્ઞાનની પરિણતિમાં પ્રતિભાસિત થાય છે. એ રીતે જ્ઞાનની પર્યાયમાં પણ ઉત્પાદ-વ્યય નિરંતર થયા જ કરે છે. દા. ત. આ આંગળી સીધી છે અને બીજા સમયે વાંકી વળી તો સિદ્ધના જ્ઞાનમાં પણ એ રીતે પહેલાં સીધી અને બીજા સમયે વાંકી એવી આંગળીની અવસ્થા જણાય છે એ રીતે દરેક જીવપદાર્થ, અનંતાનંત પુદ્‌ગલ આદિ છએ દ્રવ્યની અવસ્થા જ્ઞાનની પર્યાયમાં પ્રતિભાસે છે. એમ ઉત્પાદ-વ્યય થયા જ કરે છે. પણ અરે! આ જીવને પોતાના ઘરની વાત સમજવી અઘરી પડે છે અને પારકી પંચાત માંડીને બેઠો છે!

છએ દ્રવ્ય વર્તમાનમાં જેમ પરિણમે છે તેમ જ ભગવાનના જ્ઞાનમાં ભાસે છે. હવે જ્યાં બીજા સમયે આ દ્રવ્યોની પર્યાય પલટે છે ત્યાં સામે જ્ઞાનની પર્યાયમાં પણ એ જ જાતના જ્ઞાનનો પલટો થાય છે. આ સમજવું એ તો બહુ સાધારણ વાત છે—સરળ છે પણ એણે કોઈ દી મહેનત જ કરી નથી. આમ ને આમ ખાઈ-પી, રળીને મરી ગયો. ખાધું-પીધું એ પણ કલ્પના છે. કલ્પનાથી જ પોતાને સુખી-દુઃખી માનીને દુઃખી થાય છે. બીજા બધાં સાજાં માટે સુખી અને મારા પગ દુઃખે, ચલાય નહિ માટે હું દુઃખી. એવી કલ્પના કરીને પોતે દુઃખી થાય છે. ખરેખર સાજાં કોને કહેવાય? શરીરની નિરોગ અવસ્થા થાય એ તો જડની અવસ્થા થઈ. તે સાજાપણું આત્મામાં ક્યાં આવ્યું? આત્મામાં તો તેનું જ્ઞાન થયું કે શરીરની આવી અવસ્થા છે. તે જ્ઞાનમાં કાંઈ તેનાથી સુખ-દુઃખ થતું નથી પણ અજ્ઞાની-ઉઠાવગીર એવી કલ્પના કરે છે કે, બધાંને અનુકૂળતા અને મને આમ કેમ? એમ કલ્પના કરીને દુઃખી થાય છે. અવસ્થા જડમાં થાય, જ્ઞાનમાં તે જણાય અને અજ્ઞાની, આ મને થયું—એવી માન્યતા કરીને દુઃખી થાય છે. મને આવી રોગ અવસ્થાથી દુઃખ છે અને પહેલાંને નીરોગતા છે તેથી કેવા સુખી છે એવી ખોટી કલ્પના કરે છે.

મુમુક્ષુ:—સાહેબ !...પણ એમ નજરે દેખાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી:—નજરે દેખાતું નથી. નજર ખોટી કરીને જુએ છે એટલે એમ દેખાય છે. ખરેખર નજરે જુએ તો જ્ઞાનમાં તો એ અવસ્થા જેમ છે તેમ દેખાય છે. તેનાથી સુખ-દુ:ખ થતું દેખાતું નથી. શરીરની અનુકૂળતાથી મને અનુકૂળતા છે એમ જ્ઞાન જોતું જ નથી પણ જ્ઞાન મૂઢ થઈને એમ કલ્પી લે છે કે, શરીરની પ્રતિકૂળતાથી હું દુ:ખી છું અને બીજાને શરીર નીરોગ છે માટે એ સુખી છે. શરીરની રોગ-નીરોગ અવસ્થાનો જ્ઞાનમાં પ્રવેશ નથી.

શરીર નીરોગ હતું તેને પણ જાણતું હતું અને શરીરમાં રોગ આવ્યો તેને પણ જ્ઞાન જાણે છે કારણ કે જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે. પણ જાણવાથી જ્ઞાનમાં કાંઈ રોગ-નીરોગતા આવી જતી નથી. જીવ દુ:ખી-દુ:ખી થાય. નીરોગતાને જાણવાથી સુખ અને રોગને જાણવાથી દુ:ખ એ વાત આવી ક્યાંથી ? જ્ઞાનમાં તો બંને વખતે માત્ર જાણવું થયું છે, કાંઈ રોગ-નીરોગતા જ્ઞાનમાં આવી ગઈ નથી. મફતનો મૂઢ થઈને ઉદાસગીર પોતાની અને બીજાની કલ્પના કરીને દુ:ખ ઊભું કરે છે.

જેમ, કસાઈને ઘરે કાંઈ થાય એમાં વાણિયાને શું ! તેમ જડની પર્યાયમાં કાંઈ થાય તેમાં આત્માને શું ? પણ એ તો ધણી થઈને બેઠો છે અને એ જ દૃષ્ટિએ બીજાને પણ શરીરાદિની અવસ્થાના ધણી માને છે.

ભગવાન આત્મા ત્રિકાળ ધ્રુવપણે કાયમ રહેલો છે. તેની અવસ્થામાં જ્ઞાન-દર્શનાદિની પર્યાય થાય છે તો તેમાં શરીરાદિ સંયોગની અવસ્થાના ફેરફારો જણાય છે પણ જાણવા ઉપરાંત તેમાં બીજું કાંઈ આવતું નથી. તો રોગને જાણતાં હું દુ:ખી છું એ ક્યાંથી આવ્યું ? હું દુ:ખી છું એવી ભ્રમણાનું લાકડું પોતે જ નાખ્યું છે. વસ્તુનું સ્વરૂપ શું છે તેની એને કાંઈ ખબર નથી. આમ ને આમ આંધળી દોટ મૂકીને ભ્રમણામાં દોડ્યો જાય છે.

અહીં તો સિદ્ધની વાત કરવી છે કે સિદ્ધમાં ઉત્પાદ-વ્યય કેવી રીતે છે. સંસારમાં વિભાવદશામાં ઉત્પાદ-વ્યય તો દેખાય છે પણ સિદ્ધમાં કેવી રીતે છે કે, જ્ઞેયમાં જેમ ઉત્પાદ-વ્યય છે તેમ સિદ્ધના જ્ઞાનમાં પણ ઉત્પાદ-વ્યય થાય છે. જ્ઞેય પલટતાં જ્ઞાન પલટે છે એવો જ્ઞાનની પર્યાયનો પોતાનો સ્વભાવ છે, જ્ઞેયના કારણે નહિ. કેવળજ્ઞાનની પર્યાય કાંઈ સ્થિર નથી. સમયે સમયે તેમાં ઉત્પાદ-વ્યય ચાલુ જ છે પણ તે સીધું સમજાય નહિ એટલે આ રીતે સમજાવ્યું છે કે, જ્ઞેયમાં જેમ જેમ પલટો થાય છે એ જ પ્રમાણે કેવળજ્ઞાનમાં પલટો થાય છે પણ જ્ઞેયના કારણે નહિ, જ્ઞાનમાં પોતાથી જ પલટો થાય છે એ જ્ઞાનનો ઉત્પાદ-વ્યય છે.

આમ, સિદ્ધમાં પણ ઉત્પાદ-વ્યય છે તે બે રીતે સમજાવ્યું. એક તો અગુરુલઘુ-ગુણથી અને બીજું જ્ઞેય અનુસાર પલટતાં જ્ઞાનથી ઉત્પાદ-વ્યય સમજાવ્યાં. જ્ઞેયો જ્ઞાનને પલટાવતાં નથી પણ જ્ઞાન પોતાથી જ પલટે છે એવો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. આ જીવને મનુષ્યગતિનો આ છેલ્લો સમય છે એ જ્ઞાનમાં જાણ્યું ત્યાં બીજા સમયે એ જીવ સિદ્ધ થયો અને જ્ઞાનમાં પણ એમ જણાયું કે આ સિદ્ધ થઈ ગયાં. મહાવીર ભગવાનનો પાવાપુરીમાં છેલ્લો સમય હતો ત્યારે સિદ્ધોના જ્ઞાનમાં પણ આ છેલ્લો સમય છે એમ જણાતું હતું. જ્યાં ભગવાન સિદ્ધ થઈ ગયા ત્યાં સિદ્ધોના જ્ઞાનમાં પણ એમ જણાવા લાગ્યું. મહાવીર ભગવાનની અવસ્થા જેમ પલટી તેમ સિદ્ધોના જ્ઞાનની અવસ્થા પણ પલટી ને! એવો જ પર્યાયનો ઉત્પાદ-વ્યય થવાનો સ્વભાવ છે.

વસ્તુ તો ત્રિકાળ ધ્રુવ છે, તેમાં ઉત્પાદ-વ્યય નથી પણ પર્યાયનયના વિષયમાં ઉત્પાદ-વ્યય છે તે સંસારીને અને સિદ્ધને કેવી રીતે છે તે અહીં સમજાવ્યું છે. લોકાલોક આખું જ્ઞેય છે તે જ્ઞેયમાં સમયે સમયે પલટો થાય છે એ જ પ્રમાણે સિદ્ધના જ્ઞાનમાં પણ પલટો થાય છે. બીજા સમયે જ્ઞેયનું પરિણમન પલટે છે તેમ જ્ઞાનમાં તે પલટો જણાય છે. એ જ્ઞાનનું પરિણમન છે. આમ, સિદ્ધમાં પણ ઉત્પાદ-વ્યય ઘટે છે એ બતાવ્યું છે.

અહા! ધ્રુવનું તો શું કહેવું! પણ આ તો પર્યાયની અચિંત્યતા બતાવી છે. વર્તમાનમાં જ્ઞાનની પર્યાયમાં સર્વ જ્ઞેયોની ભૂત, વર્તમાન, ભાવિ પર્યાય જણાય છે. બીજા સમયે જ્ઞેયોની જે વર્તમાનપર્યાય હતી તે ભૂત થઈ ગઈ અને ભાવિની વર્તમાનમાં આવી ગઈ તેમ જ્ઞાનમાં પણ એ રીતે ભૂત, વર્તમાન, ભાવિના જ્ઞાનમાં પલટો થતો જાય છે. જ્ઞેયના પલટવા અનુસાર જ્ઞાનમાં જણાય છે અને જ્ઞાનમાં જણાય છે તેમ જ જ્ઞેયમાં પલટો થાય છે. બંનેને સામસામુ છે પણ કોઈના કારણે કોઈનું પરિણમન નથી.

આહાહા...! ભગવાનના જ્ઞાનનો એક સમયનો પર્યાયનો પર્યાય કેટલું સામર્થ્ય ધરાવે છે એ કહે છે. લોકાલોકના સર્વજ્ઞેયોને ધ્રુવપણે તો જાણે છે પણ તેના દરેક સમયનાં ઉત્પાદ-વ્યયને પણ જેમ છે તેમ જાણે છે. પણ જ્ઞેયના કારણે જ્ઞાન નથી. બંનેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ બંનેનું પરિણમન પૃથક્ પૃથક્ છે.

ત્રીજી રીતે સિદ્ધના ઉત્પાદ-વ્યય લઈએ તો, જ્યારે સિદ્ધ થયા ત્યારે સંસાર પર્યાયનો નાશ થયો, સિદ્ધ પર્યાયનો ઉત્પાદ થયો અને દ્રવ્યસ્વભાવથી સદા ધ્રુવ જ છે. આ પણ એક મોટો ઉત્પાદ-વ્યય જ છે. ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયે ઉદયભાવનો નાશ થયો અને સિદ્ધદશાનો ઉત્પાદ થયો અને વસ્તુ પોતે ધ્રુવ છે.

ચક્રવર્તીવ્યાજમાં વ્યાજનું પણ વ્યાજ ગણે છે ને! કાંઈ બાકી રાખતો નથી. તેમ અહીં તો જ્ઞાનની પર્યાયમાં કાંઈ જ બાકી રહેતું નથી. ભૂત, વર્તમાન, ભાવિનું બધું પરિણમન એક સમયમાં જણાય જાય છે. છતાં આ પર્યાયનયનો વિષય છે, દ્રવ્ય તો ધ્રુવ છે.

લોહાને છરી મારે ત્યાં કાટનો વ્યય, ચળકાટનો ઉત્પાદ અને લોઢું પોતે તો ધ્રુવ છે, તેમ હરેક પદાર્થમાં જૂની અવસ્થાનું જવું અને નવી અવસ્થાનું થવું એક સમયમાં થાય છે અને વસ્તુ પોતે ધ્રુવપણે કાયમ રહે છે.

આવો વિષય કોઈક દિવસ ચાલે એટલે માણસને આકરો લાગે પણ આ તો સાદી વાત છે. ધ્યાન રાખે તો સમજાય તેવું છે. વસ્તુ છે, તેમાં પરિણમન છે, ધ્રુવ પરિણમતું નથી, પર્યાયમાં પરિણમન થાય છે તે બે પ્રકારે છે. પૂર્વની અવસ્થાનો વ્યય અને નવી અવસ્થાનો ઉત્પાદ. સંસારમાં વિભાવપણે પરિણમન થાય છે અને સિદ્ધમાં સ્વભાવપણે પરિણમન થાય છે. આટલું સિદ્ધ કરવું છે.

સિદ્ધોને જન્મ-જરા-મરણ નથી સદા અવિનાશી છે. અવિનાશી છે એટલે સંસારમાં જન્મ-મરણ થાય છે એવા સિદ્ધોને નથી માટે સિદ્ધ પર્યાયને પણ અવિનાશી કહી છે. સિદ્ધનું સ્વરૂપ સર્વ ઉપાધિઓથી રહિત છે, તે જ ઉપાદેય છે. સિદ્ધ પર્યાય તદ્દન નિર્મળ છે. એવી નિર્મળ પર્યાયનું ધામ ભગવાન આત્મામાં દૃષ્ટિ દેવાથી સિદ્ધ પર્યાય પ્રગટ થાય છે.

આ સિદ્ધદશાની વાત થઈ. હવે ૫૭મી ગાથામાં બધાં દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ કહે છે. મૂળ તો દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન ઘટી ગયું છે તેથી જ બધાં ઝગડાં ઊઠયાં છે. એક સાકરચંદભાઈ નામના શ્વેતાંબર લેખકે લખ્યું હતું કે, આપણામાં દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન બે-ચારને જ છે. સોનગઢથી દ્રવ્ય, ગુણ, પર્યાયની વાત આવી છે ત્યારથી આપણા સાધુઓમાં પણ ગડમથલ થવા લાગી છે.

तं परियाणहि दव्वु तुहुँ जं गुण-पज्जय जुत्तु ।
सह भुव जाणहि ताहं गुण कम भुव पज्जउ वुत्तु ।। ५७ ।।

આ જગતનું સ્વરૂપ જ એવું છે કે તેમાં રહેલાં દરેક પદાર્થને દ્રવ્ય, ગુણ અને પર્યાય હોય છે. દ્રવ્ય એટલે શક્તિવાનપણું, ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે અવસ્થા-પણે પરિણમવું તે, દરેક તત્ત્વમાં રહેલું છે.

જે ગુણ-પર્યાયોથી સહિત છે તેને હે પ્રભાકર ભટ્ટ! તું દ્રવ્ય જાણ! શરીરાદિ પરદ્રવ્યથી સહિત વસ્તુને ન જાણ. પોતાના ગુણ-પર્યાયથી સહિત જાણ. શરીરમાં અનંત

પરમાણુદ્રવ્ય તેના ગુણ-પર્યાયથી સહિત રહેલાં છે તેને તું તારા ન માન. બીજાંના ગુણ-પર્યાયને પોતાના માને એ તો મૂઢ છે.

આ વાત તો એકદમ ન્યાયથી છે પણ એણે કદી સમજવાની દરકાર જ કરી નથી.

પોતામાં કાયમ રહેલાં ગુણો અને વર્તમાન વર્તતી અવસ્થાથી સહિત હોય તેને દ્રવ્ય જાણ! તારો આત્મા તારાં ગુણ-પર્યાયથી સહિત છે અને પરમાણુ પોતાના ગુણ-પર્યાયથી સહિત દ્રવ્ય છે. એમ દરેક દ્રવ્યને તેના ગુણ-પર્યાયથી સહિત જાણ! શરીર અને પુત્રાદિને તું 'મારા છે' એમ ન જાણ. કેમ કે, દીકરો તેના જ્ઞાનાદિ અનંત ગુણ-પર્યાયથી સહિત છે અને શરીરના પરમાણુ તેના સ્પર્શ, રસાદિ ગુણ અને પર્યાયથી સહિત છે.

સ્ત્રી, પુત્ર, પુત્રી આદિ ઘણાં જીવો અને ધન, મકાન આદિ ઘણાં પુદ્ગલોથી જે સહિત છે તે હું એમ તું ન જાણ! કેમ કે, જીવનું એવું સ્વરૂપ જ નથી. ભાઈ! તેં તારો વિચાર જ કદી કર્યો નથી. ભગવાને કહ્યું છે કે, દ્રવ્ય એટલે વસ્તુ અથવા પદાર્થ તેને કહેવાય કે જે પોતાના ગુણ અને પર્યાયથી સહિત હોય. બીજાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી સહિતપણે રહેવાનો વસ્તુનો સ્વભાવ જ નથી.

અહીં તો એક એક શબ્દમાં ભેદજ્ઞાન છે.

જુઓ! 'ગુણ પર્યાયથી સહિત હોય તે આત્મા' એમ કહ્યું. કર્મથી સહિત હોય તે આત્મા એમ નથી કહ્યું. આત્મા તો તેને કહેવાય કે જે પોતાના અનંતગુણ અને પર્યાયથી સહિત છે. કર્મ તો જુદું દ્રવ્ય છે. એ પોતાના ગુણ-પર્યાયથી સહિત છે. કર્મ અને આત્મા એક ક્ષેત્રમાં રહેલા છે માટે આત્મા કર્મરૂપ થઈ જાય કે કર્મ આત્મારૂપ થઈ જાય એમ કદી ત્રણકાળમાં બનતું નથી. આત્મા કર્મરૂપ પણ થતો નથી તો એ સ્ત્રી, પુત્રાદિરૂપ કે મિલના માલિકરૂપે કયાંથી થાય?

દ્રવ્યને ઓળખવું હોય તો તેની વર્તમાન વર્તતી પર્યાય અને કાયમી ગુણ દ્વારા તેને ઓળખી શકાય છે કેમકે એ ગુણ-પર્યાયથી આત્મા સહિત છે. હવે ગુણ કોને કહેવો? કે જે દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતોમાં રહે છે તેને ગુણ કહે છે. ગુણોનું પરિણમન તે પર્યાય છે. ભૂત-ભવિષ્યની પર્યાય ગુણોમાં સમાય જાય છે.

સંસારીજીવ હો કે સિદ્ધજીવ હો, પરમાણુ હો કે સ્કન્ધ હો. દરેકના દ્રવ્યનું સ્વરૂપ શું કે જે પોતાના અનંતગુણ અને અનંત પર્યાયથી સહિત છે તે દ્રવ્ય છે. આનો નિર્ણય કરવા જાય ત્યાં તો અંદર ઠરી જાય એવું સ્વરૂપ છે. આ ગુણ અને પર્યાયથી સહિત છે તે 'આ દ્રવ્ય' એમ દ્રવ્ય ઉપર લક્ષ જતાં સુખની દશા પ્રગટ થાય છે એ સુખદશાથી સહિત તે જીવદ્રવ્ય છે. પહેલાં દુઃખની દશાથી સહિત હતો એ જ જ્યાં દ્રવ્ય

ઉપર લક્ષ જાય ત્યાં દુઃખનો નાશ થઈને સુખ પ્રગટ થઈ જાય છે. દુઃખ વખતે પણ દ્રવ્ય તો ગુણપર્યાય સહિત જ હતું પણ તે વખતે તેને આ દ્રવ્ય છે એમ ખબર ન હતી.

આ જ્ઞાનની પર્યાય અને કાયમી ગુણથી સહિત છે તે આ દ્રવ્ય છે એમ જ્યાં દ્રવ્યનું લક્ષ થાય છે ત્યાં જ્ઞાનની પૂર્વ પર્યાયનો વ્યય થઈને નવી સમ્યગ્જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ જાય છે. એ સમ્યગ્જ્ઞાનની પર્યાય અને ગુણથી સહિત તે દ્રવ્ય છે. બીજા જીવને ઓળખવો હોય તો તેને પણ તેના ગુણ-પર્યાયથી સહિત છે તે જીવ છે એમ ઓળખવો. પૈસાવાળો તે આત્મા કે નિર્ધન તે આત્મા એવું બીજા જીવનું સ્વરૂપ નથી. એ જ રીતે પૈસાને ઓળખવા હોય તો તેના જડ ગુણ-પર્યાયથી સહિત છે તે પરમાણુ દ્રવ્ય છે એમ ઓળખવું.

"**गुणपर्यायवद्द्रव्यं**" આ દ્રવ્ય અથવા વસ્તુની વ્યાખ્યા થઈ. હવે ગુણની વ્યાખ્યા આ પ્રમાણે છે. '**सहभुवो गुणाः** ।' જે દ્રવ્યની સાથે સદાકાળ રહેલા હોય નિત્ય હોય તે ગુણ છે, તો વિચાર કરો કે દ્રવ્યની સાથે કાયમ કોણ રહે છે? શું કર્મ કાયમ રહે છે? સ્ત્રી-પુત્ર કાયમ રહે છે? પૈસા કાયમ રહે છે? એ કોઈ દ્રવ્ય સાથે કાયમ રહેતાં નથી. દ્રવ્યમાં રહેલાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંતગુણ છે તે દ્રવ્ય સાથે કાયમ રહે છે, માટે એ તેના ગુણો છે. સ્પર્શ, રસ, ગંધાદિ ગુણો પુદ્‌ગલ સાથે કાયમ રહે છે માટે તે પુદ્‌ગલના ગુણો છે.

અહો! સંતોની કથન શૈલી છે કાંઈ! ગજબ વાત છે! એક એક બોલમાં આખું સ્વરૂપ સમજાવી દે છે. ગુણ જ એવા છે કે જે દ્રવ્યમાં નિત્ય સાથે રહે છે. પર્યાય દ્રવ્યમાં નિત્ય નથી રહેતી. માટે કહ્યું કે જે સદાય દ્રવ્યની સાથે રહે તે ગુણ છે...પણ એણે આવો કદી વિચાર પણ કર્યો નથી. જેમ અગ્નિના ઢગલામાં ઘાસનો પૂળો નાંખીને બાળી નાંખે તેમ મૂઢપણામાં એણે અવતાર બાળી નાંખ્યો છે.

જ્ઞાન, દર્શન, શાન્તિ એટલે ચારિત્ર આદિ જીવની સાથે કાયમ રહેલાં છે માટે તે તેના ગુણો છે અને સ્પર્શ, રસ, ગંધાદિ પુદ્‌ગલ સાથે કાયમ રહેલાં છે માટે તે પુદ્‌ગલના ગુણો છે. તો પર્યાય કોને કહે છે—કે, **क्रमभुवः पर्यायाः** । એટલે જે દ્રવ્યમાં અનેકરૂપે ક્રમથી પરિણમ્યા કરે છે, સમયે-સમયે ઉત્પાદ-વ્યયરૂપ થાય છે તે પર્યાય છે, જે પર્યાય પહેલાં સમયે હતી તે બીજા સમયે રહેતી નથી. બીજા સમયે બીજી પર્યાય થાય છે એ રીતે ક્રમે-ક્રમે જે પરિણમે છે નિત્ય ટકતી નથી તે પર્યાય છે. નિત્ય ટકે છે તે ગુણ છે અને તે ગુણ-પર્યાયથી સહિત તે દ્રવ્ય છે. આ પ્રમાણે દ્રવ્ય, ગુણ, પર્યાયના સામાન્ય લક્ષણ આ ગાથામાં વર્ણવ્યા છે. [ ક્રમશઃ ] —×—

[ વિશુદ્ધિની ભાવના......ટાઈટલ બે થી ચાલુ ]

અનંત ગુણોને પર્યાયમાં પ્રગટ કર્યાં છે એવા અરિહંત અર્થાત્ સર્વજ્ઞ કેવળી ભગવાનને જોગ એટલે મન, વચન, કાયાનો યોગ હોય છે છતાં જે યોગથી ભિન્ન છે—વસ્તુ જોગથી ભિન્ન છે એવા પ્રભુના અંતરમાંથી વહેલી વાણી તે જિનવાણી છે.

ધર્મીને સમ્યગ્દર્શનમાં પણ અનંતગુણો અંશે વ્યક્ત જણાય છે. એ જ ગુણો કેવળીને પૂર્ણપણે પ્રગટ થઈ જાય છે. જો કે અરિહંત કેવળીને શરીર છે અને મન, વચન, કાયાના સાત યોગ પણ છે પણ ભગવાન યોગો દ્વારા જ્ઞાનનો અનુભવ કરતાં નથી, જ્ઞાન દ્વારા જ સર્વને જાણે છે. શરીરને યોગોને અને બાકી રહેલાં ચાર અઘાતિ કર્મોને પોતાના જ્ઞાન દ્વારા જાણે છે અને લોકાલોકને પણ જ્ઞાન દ્વારા જાણે છે.

तासु हृदे-ग्रहसौं निकसी सरितासम व्है श्रुतसिंधु–समानी પ્રભુના કેવળજ્ઞાનરૂપ સરોવરમાંથી આ વાણીરૂપી નદી નીકળી છે. 'વીર હિમાચલતે નિકલી, ગુરુ ગૌતમકે મુખકુંડ ઢરી હૈ.' પૂર્ણજ્ઞાન-આનંદરૂપી સરોવરમાંથી વાણીરૂપી નદી નીકળી છે. આ નિમિત્તથી કથન છે. કાંઈ જ્ઞાન વાણીમાં આવતું નથી કે વાણી જ્ઞાનમાં ભળી જતી નથી પણ પૂર્ણજ્ઞાન પ્રગટ થયું છે એવા સર્વજ્ઞની વાણી પણ એવી જ નીકળે છે. માટે જ વાણીને સર્વજ્ઞ અનુસારિણી કહીને પૂજ્ય કહી છે. પરમાણુની ભાષારૂપ પર્યાય એવી નીકળે છે કે જે સ્વ-પરને બતાવે છે. તે જ્ઞાનસરોવરમાંથી આવી છે એવું નિમિત્તથી કથન કર્યું છે. આત્મામાં વાણી ભરી નથી, વાણી તો જડ છે અને આત્મા તો ચૈતન્યમૂર્તિ છે.

ભગવાનની આ વાણીમાંથી શાસ્ત્રોની રચના થઈ છે. ગણધરભગવાન બાર અંગ અને ચૌદપૂર્વની રચના કરે છે. વાણીરૂપી નદી આ શ્રુતસિંધુમાં સમાણી છે. આ વાણી કેવી છે? કે, અનંત નયના લક્ષણવાળી છે. સિદ્ધાંતમાં તેને સત્યસ્વરૂપ અને અનંત નયવાળી કહી છે. વાણી अनंत नयात्मक છે.

જયધવલમાં નયના બે પ્રકાર કહ્યા છે એક વાસ્તવિકનય એટલે જ્ઞાનનો અંશ અને વાણી તે ઉપચારિક નય છે. અહીં આ ઉપચારિકનયની વાત ચાલે છે. જેવું સર્વજ્ઞપદ પ્રગટ થયું એવી વાણી નીકળે છે. વાણી તો વાણીના કારણે નીકળે છે પણ તે પદને યોગ્ય જ હોય છે. જેમ, કોઈ માણસ માંસ ખાતો ન હોય, દારૂ પીતો ન હોય, બ્રહ્મચારી હોય તો તેના મુખેથી માંસ ખાવા જેવું છે કે વિષય સેવવા જેવા છે એવી વાણી જ નહિ નીકળે. કેમ કે જેવા અંદરમાં ભાવ હોય તેને અનુકૂળ જ વાણીનો યોગ હોય છે.

ૐધ્વનિ નીકળે છે તેનાં ભગવાન કર્તા નથી પણ ભગવાનના જ્ઞાનને અનુરૂપ જ વાણી આવે છે. એ ૐધ્વનિ અનંત નયસ્વરૂપ છે. જ્ઞાનના એક અંશને નય કહે છે તે અનંત પદાર્થના એક અંશને પોતાના જ્ઞાન વડે જાણે છે.

सत्य स्वरूप सिधंत बखानी । છ દ્રવ્ય, નવ તત્ત્વ, બંધમાર્ગ, મોક્ષમાર્ગ આદિ જેમ છે તેમ યથાર્થપણે જિનવાણી બતાવે છે માટે તેને સત્યસ્વરૂપ કહી છે. વીતરાગની વાણીમાં વીતરાગતા જ આવે છે. રાગ કરવાલાયક છે કે રાગ ઠીક છે એવી વાણી જિનવાણીમાં ન આવે. જેમ આત્મામાં સ્વ-પરને જાણવાની તાકાત છે તેમ વાણીમાં સ્વ-પરને કહેવાની તાકાત છે. આ વાણીમાંથી સિદ્ધાંતો પ્રગટ થયા છે.

बुद्ध लखै न लखै दुरबुद्ध । સમ્યગ્જ્ઞાની જ આ વાણીને યથાર્થપણે જાણે છે. શ્રીમદ્જીએ સોળ વર્ષની ઉંમરમાં મોક્ષમાળા લખી છે. તેમાં જિનવાણીનું વર્ણન આ પ્રમાણે કર્યું છે.

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે.
સકલ જગત હિતકારિની, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે.
ઉપમા આપ્યાની તેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજમતિ મપાઈ મેં માની છે.
અહો રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.

શ્રીમદે ૧૬ વર્ષે લખેલી આ વાણીની મહિમા સામાન્ય જીવોને (વર્ષના આંકડા ઉલટાવી નાંખીએ તો) ૬૧ વર્ષે પણ સમજવી કઠણ પડે છે. પ્રભુની વાણી અનંત અનંત ભાવના ભેદ-પ્રકારથી ભરેલી છે, અનંત નયસ્વરૂપ છે. આખા જગતને હિતનું કારણ છે, મોહનો નાશ કરનારી છે. તારિણી ભવાબ્ધિ એટલે ભવનો અભાવ કરાવનારી છે. સંસારસમુદ્રમાંથી જીવને તારી લેનારી છે અને અનંત સુખરૂપ મોક્ષને દેનારી છે. પૂર્ણતા પ્રાપ્ત કરાવનારી છે. આવી પ્રભુની વાણીને કોઈની ઉપમા આપી શકાય તેમ નથી. ઉપમા આપનારો પોતે મપાય જાય છે. બાળ નામ અજ્ઞાનીઓ વીતરાગની વાણીનો ખ્યાલ પામી શકતાં નથી. જિનેશ્વરની વાણી તો જાણી તેણે જાણી છે— જ્ઞાની જ જાણે છે. અજ્ઞાનીઓને પત્તો ખાતો નથી.

જિનવાણીના મર્મને જ્ઞાની જ જાણી શકે છે. અજ્ઞાનીઓ તેના મર્મને જાણી શકતા નથી. પોતાની કલ્પનાથી અર્થ કરે છે પણ નિશ્ચય, વ્યવહારની અપેક્ષાને

સમજતાં નથી. बुद्ध लखै, न लखै दूरबुद्ध । બુદ્ધ નામ સમ્યગ્દષ્ટિ જિનધર્મના મર્મ
છે. दूरबुद्ध નામ મૂર્ખ. મિથ્યાદૃષ્ટિ જિનવાણીના મર્મને ઓળખી શકતાં નથી.

મુમુક્ષુ :—બધાંને મૂર્ખ કહ્યાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે સમજે નહિ તે બધાં મૂર્ખ છે. જિનવાણી જ એને કહીએ કે જેમાંથી વીતરાગતાનું પોષણ મળે અને પૂર્ણ વીતરાગતા પ્રગટ થાય. તો જે વીતરાગતાનું પોષણ ન કાઢે અને રાગનું પોષણ કરે કે, પહેલાં રાગ કરો—વ્યવહાર ધર્મ કરો પછી નિશ્ચય થશે. એ જિનવાણીના મર્મને સમજ્યો નથી. જિનવાણી રાગ કરવાનું કહેતી જ નથી.

આ કાળે વીતરાગની વાણી શું કહે છે તેની પરીક્ષા કરીને સમજવું એ કઠણ કામ છે. બહુ વિચિક્ષણતા જોઈએ. તત્ત્વજ્ઞાની જ તેને જાણી શકે છે.

सदा जगमाँहिं जगे जिनवानी । જિનવાણી જગતમાં સદા જયવંત હો. જુઓ આ જિનવાણીની સ્તુતિ! વાણી તો વાણી છે તેમાં કાંઈ આત્માના ભાવ ભર્યા નથી પણ ભાવને સમજાવવાની શક્તિરૂપ ભાવ તેમાં ભરેલો છે. તે જડભાવ છે. છતાં વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ કહેવાની તાકાત તેમાં રહેલી છે. આવી સર્વજ્ઞની દિવ્યધ્વનિ સદા જયવંત રહો.

હવે સમયસારના ત્રીજા કળશના અર્થરૂપ કાવ્ય કહે છે:

हौं निहचै तिहुंकाल सुद्ध चेतनमय मूरति ।
पर परनति संजोग, भइ जड़ता विसफूरति ।।
मोहकर्म पर-हेतु पाइ, चेतन पर रच्चइ ।
ज्यौं धतूर-रस पान करत, नर बहुविध नच्चइ ।।
अब समयसार वरनन करत,
परम सुद्धता होहु मुझ ।
अनयास बनारसीदास कहि,
मिटहु सहज भ्रमकी अरूझ ।। ८ ।।

હું તો અનાદિ અનંત શુદ્ધ ચૈતન્યની મૂર્તિ છું. પણ પર પરિણતિરૂપ રાગ-દ્વેષ અને અજ્ઞાનના સંયોગથી જડતા નામ અજ્ઞાનદશા પ્રગટ થઈ છે. 'હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું' એ દ્રવ્યદૃષ્ટિ છે પણ મારી ચીજને મેં ભૂલીને અજ્ઞાન ઊભું કર્યું છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એ બધું અજ્ઞાન છે. એ અજ્ઞાનના સંયોગથી મને જડતા પ્રાપ્ત

થઈ છે. મારું સ્વરૂપ તો એવું છે કે, આનંદ અને જ્ઞાનની જાગૃતિ પ્રગટ થાય પણ અજ્ઞાનને કારણે જડતા પ્રગટ થઈ છે. जडता विसफूरति પુણ્ય-પાપ, રાગ અને દ્વેષ કે જેમાં ચૈતન્યના સ્વભાવનો અભાવ છે એવી જડતાની જાગૃતિ થઈ છે. પર્યાયમાં આમ બન્યું છે એમ બનારસીદાસ કહે છે. વસ્તુ તો વસ્તુ જ છે તેમાં કાંઈ ફેર પડ્યો નથી. દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ બંનેનો વિષય બતાવ્યો છે.

पर परनति નો સંયોગ મેં કર્યો છે. કોઈ બીજાએ કરાવ્યો નથી. અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા...મલિન દશાનો સંયોગ મેં જ કર્યો. હું શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ તો ત્રિકાળ છું છતાં મારી દશામાં મેં વિકાર એટલે સંસારપ્રકૃતિની જાગૃતિ કરી છે. પુણ્ય-પાપરૂપ વિકારભાવ બંને જડ છે તેમાં ચેતનતા નથી. હું તો ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ હોવા છતાં દશામાં આવી અચેતનતાની જાગૃતિ થઈ છે અને તે પણ અનાદિથી છે એ પણ સિદ્ધ કર્યું છે. અનાદિથી પર્યાયમાં શુદ્ધતા હતી અને હવે અશુદ્ધતા થઈ એમ નથી. પોતાના પરમાનંદ સ્વભાવની દૃષ્ટિ કરી નહિ તેથી અનાદિથી પર્યાયમાં અશુદ્ધતા છે. મારા શુદ્ધ ત્રિકાળ સ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ કરીને મેં જ મારી દશામાં અશુદ્ધતાની જાગૃતિ કરી છે. રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, દયા-દાન, વ્રત, અવ્રત, કામ-ક્રોધ આદિ વિકલ્પોવાળી દશાને હું પ્રાપ્ત થયો છું.

પર્યાયમાં અશુદ્ધતા થઈ તેમાં મોહકર્મના ઉદયનું નિમિત્ત હતું. मोहकर्म पर हेतु पाइ, चेतन पर रच्चइ । અનાદિથી પર એવા મોહકર્મનું નિમિત્ત પામીને જીવ પોતાની પર્યાયમાં રાગને રચે છે. મૂળ તો પોતાના સ્વરૂપનું ભાન નથી એટલે પર પદાર્થનું લક્ષ કરીને જીવ વિકારીદશાને ઉત્પન્ન કરે છે. શરીરને, વાણીને કે ધનને તો આત્મા રચતો જ નથી કેમ કે એ તો જડ છે-પરદ્રવ્ય છે, આત્મા તો તેના લક્ષે પોતાની દશામાં વિકારને રચે છે. પોતે ત્રિકાળ નિર્વિકારી ભગવાન હોવા છતાં વિકારને રચે છે કેમ કે દૃષ્ટિ મિથ્યા છે.

चेतन पर रच्चइ । ભગવાનઆત્મા ત્રિકાળ પ્રજ્ઞાબ્રહ્મ જ્ઞાનાનંદસ્વરૂપ હોવા છતાં પોતાને ભૂલીને રાગ અને પુણ્ય-પાપની રચના કરે છે તેનાથી સંસાર છે. 'પર રચ્ચઈ' એટલે પરના લક્ષે પરની મમતાને રચે છે. મોહકર્મના નિમિત્તે એટલે તેનો સંયોગ દેખીને પર્યાયમાં પોતે અજ્ઞાન, મિથ્યાશ્રદ્ધા, મિથ્યાભાવ, રાગ-દ્વેષ આદિ વિકારને ઉત્પન્ન કર્યા છે તેથી આનંદના સ્થાને દુઃખ ઊભું થયું છે.

ज्यों धतुर-रस पान करत, नर बहुविध नच्चइ । જેમ ધતૂરો પીનારને વસ્તુ સફેદ હોવા છતાં પીળી દેખાય છે તેમ, મિથ્યાદૃષ્ટિને ઊંધી દૃષ્ટિના કારણે પરચીજ

પોતાપણે દેખાય છે, પોતાનું શુદ્ધસ્વરૂપ તો દેખાતું જ નથી અને પરચીજ મારી છે અને હું તેનો છું એમ માનીને અસંખ્ય પ્રકારના શુભરાગ અને અસંખ્ય પ્રકારના અશુભરાગની રચના કરીને નાચે છે. સર્વથી ભિન્ન પોતાના શુદ્ધસ્વરૂપને દેખતો નથી.

**अब समयसार वरनन करत**–હવે તો હું આત્માનું વર્ણન કરીશ કે જે પરમ શુદ્ધ ચૈતન્ય છે. આત્માનું વર્ણન કરતાં મારું લક્ષ તો શુદ્ધ ચૈતન્ય ઉપર જ છે.

બનારસીદાસ કહે છે કે, ભગવાન જેવા કહે છે તેવા શુદ્ધાત્માનું હું વર્ણન કરીશ. સમયસાર એટલે જ શુદ્ધાત્મા, તેનું વર્ણન કરતાં મને પરમ શુદ્ધતાની પ્રાપ્તિ થાઓ. મૂળ કળશમાં 'સમયસાર વ્યાખ્યયૈવ' શબ્દ પડયો છે તેનો અર્થ જ એ છે કે, શુદ્ધાત્માના વર્ણનથી મારી પર્યાયમાં જે થોડી અશુદ્ધિ છે તેનો નાશ થઈને પરમ શુદ્ધતા પ્રાપ્ત થઈ જાઓ. સમયસારનું વર્ણન કરતાં લક્ષ તો અંતરમાં ઘૂંટાય છે તો એ જ કાળમાં સર્વ અશુદ્ધિ નાશ થઈ જાઓ.

**परम शुद्धता होहु मुझ**...હું ત્રિકાળ શુદ્ધ જ છું એવી દૃષ્ટિ થઈ છે તેથી પર્યાયમાં શુદ્ધતા તો છે જ. પણ સાથે થોડી અશુદ્ધિ છે તેનો નાશ થઈને પરમ શુદ્ધતા પ્રાપ્ત થાઓ. દ્રવ્ય, ગુણમાં જેવી શુદ્ધિ છે તેવી પર્યાયમાં પ્રાપ્ત થાઓ. શાસ્ત્રની રચના કરતાં ભલે વિકલ્પ હો અને વાણી નીકળતી હો પણ મારી દૃષ્ટિ તો શુદ્ધ સત્તા ઉપર જ છે. ધ્રુવ ઉપર દૃષ્ટિ તો પડી જ છે તો પર્યાયમાં અશુદ્ધતા છે તેનો નાશ થઈ જાઓ.

વ્યાખ્યાથી અશુદ્ધિનો નાશ થઈ જાઓ એવો વિકલ્પ છે. વ્યાખ્યા તો નિમિત્ત છે તેનાથી અશુદ્ધિ નાશ ન થાય પણ એવો વિકલ્પ ઉઠયો છે. બનારસીદાસ કહે છે કે 'अनायस मिटहुं सहज भ्रमकी अरुझ' અનયાસ એટલે ગ્રંથ ભણવા વગેરેનો પ્રયત્ન કર્યા વિના મિથ્યાત્વની ગુંચવણ (અરુઝ) પોતાની મેળે મટી જાવ. હું તો આત્માના ગ્રંથને ખૂબ ખોલીશ. મારી દૃષ્ટિ તો શુદ્ધસ્વભાવ ઉપર જ છે માટે અશુદ્ધતાનો નાશ થાઓ. દૃષ્ટિના જોરમાં ક્ષણે ક્ષણે શુદ્ધતા વધતી-વધતી પરમ શુદ્ધતા પ્રગટ થઈ જાવ.

બનારસીદાસજી કહે છે કે, દ્રવ્ય અને ગુણ તો શુદ્ધ જ છે અને પર્યાયમાં પણ સમ્યગ્દર્શન છે એટલી શુદ્ધિ છે પણ હજુ અશુદ્ધિ પૂરી ગઈ નથી તો આ કાળમાં મારી અનુભૂતિ અંતરમાં એકાગ્ર થઈને અશુદ્ધતાનો નાશ થઈ જાઓ.

હવે આપણે 'दुरबुद्ध' નો અર્થ અહીં આપેલો છે તે લઈ લઈએ. દુરબુદ્ધ એટલે મિથ્યાદૃષ્ટિ. અથવા કોરાં વ્યાકરણ, કોષ આદિનો જ્ઞાતા પરંતુ નયજ્ઞાનથી જે રહિત છે એવો. જેને નિશ્ચયનું, વ્યવહારનું સ્વરૂપ શું છે તેની કાંઈ ખબર નથી. આવા લોકોને આદિપુરાણમાં જિનસેન આચાર્યે અક્ષર-મ્લેચ્છ કહ્યાં છે. પોતાના સ્વરૂપનું

ભાન નથી અને એકલાં વ્યાકરણ, સંસ્કૃત આદિના જ્ઞાનથી પોતાને જ્ઞાન માની લે છે તે અક્ષરમ્લેચ્છ—અક્ષર પાછળ ગાંડા—એવા કહ્યાં છે. પોતાની દૃષ્ટિ કેવી છે અને ખરેખર વસ્તુ શું છે તે સમજ્યા વિના શાસ્ત્ર ભણવામાં હોશિયાર થઈ જાય, કવિતાઓ સુંદર રચે તેમાં શું થયું? તેને તો અહીં અક્ષરમ્લેચ્છ કહ્યાં.

જેને શુદ્ધ નિશ્ચયનયથી પોતાનો શુદ્ધ આનંદ પકડમાં આવ્યો નથી અને આવા અક્ષરમ્લેચ્છપણામાં રોકાયો છે તે દુર્બુદ્ધ છે.

આ રીતે ત્રણ કળશના ભાવાર્થ કર્યા છે. ચોથા કળશનો અર્થ હવે કહેશે. (ક્રમશઃ)

જિનવાણીનો મર્મ સમજાવનાર, શાસન પ્રભાવક શ્રી સદ્ગુરુદેવનો જય હો. *

---

* નાઇરોબીમાં દશલક્ષણ પર્યુષણપર્વ :— પર્યુષણપર્વ પ્રસંગે રોજ સવારે જિનેન્દ્રપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, સાંજે પ્રતિક્રમણ, જિનેન્દ્રઆરતી, પ્રવચનકાર શ્રી વેલજીભાઇનું દશલક્ષણધર્મ પર શાસ્ત્રપ્રવચન અને ત્યારબાદ જિનેન્દ્રભક્તિ—એ રીતે નિયમિત કાર્યક્રમ ચાલતો હતો. ઘણી સંખ્યામાં મુમુક્ષુઓની ઉપસ્થિતિ રહેતી હતી. સ્વાધ્યાયમંદિર પર ધ્વજારોહણનો લાભ શ્રી હરખચંદ નથુના પરિવારને પ્રાપ્ત થયો હતો. —શાંતિલાલ દેવજી શાહ, મંત્રી

## વૈરાગ્ય સમાચાર:—

* સોનગઢનિવાસી શ્રી સોનાબેન ડુંગરશી (કચ્છી) (વર્ષ–૮૫) [બ્ર. સુશીલાબેનના માતુશ્રી ]નો સ્વર્ગવાસ તા. ૨૮–૭–૯૨ના રોજ સોનગઢ મુકામે શાંતિથી જાગૃત્તિપૂર્વક થયો છે. તેઓ ૩૦ વર્ષથી સોનગઢ રહેતા હતા. છેલ્લા ત્રણ વર્ષથી પથારી વશ હોવા છતાંઆત્મજાગૃતિ પૂર્વક રહેતા હતા. સાધર્મી ભાઈ–બ્હેનો પ્રત્યે પણ તેમને ખૂબ જ વાત્સલ્ય હતું.

* પાટનકૂવાનિવાસી શ્રી નગીનદાસ શીવલાલ શાહ તા. ૩–૯–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોની કેસેટ રોજ નિયમિત સાંભળીને સાક્ષાત ગુરુ–સમાગમતુલ્ય આનંદ અનુભવતા હતા.

* સુરેન્દ્રનગરનિવાસી હાલ શાંતાક્રુઝ શ્રી ચંદ્રકાંત મહાસુખલાલ મણીયાર (વર્ષ–૬૦) (બ્ર. ગુણીબેન મણીયારના ભાઈ) તા. ૨૯–૨–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ હંમેશા પૂજ્ય ગુરુદેવશ્રીની વિડિયો–ટેપ પ્રવચન સવારે સાંભળતા હતા. તત્ત્વ પામવા માટે ઘણી જિજ્ઞાસા હતી.

* દાહોદનિવાસી સુલોચનાબેન ગેંદાલાલ કોઠારી (વર્ષ–૫૬) તા. ૨૬–૮–૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને રહેતા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. —*—

તા. ૫-૧૦-૯૨

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આપણા આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ : જિનેન્દ્રદર્શન-પૂજા

સવારે ૮-૧૫ થી ૯-૧૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર પર (૧૯મી વખતનું) આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : પંચાસ્તિકાયસંગ્રહ ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન

બપોરે ૪-૦૦ થી ૪-૧૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી કળશટીકા પર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સુપ્રભાતદિન : નૂતનવર્ષનો મંગલ સુપ્રભાતદિન કારતક સુદ-૧ સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

કાર્તિકી નંદીશ્વર-અષ્ટાહ્નિકા : શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૨-૧૧-૯૨, સોમવાર થી તા. ૧૦-૧૧-૯૨, મંગળવાર—૯ દિવસ સુધી શ્રી પંચમેરુ નંદીશ્વર વિધાન પૂજા તેમ જ ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમ પૂર્વક નંદીશ્વર-અષ્ટાહ્નિકા ઉજવવામાં આવશે.

આ પ્રસંગે કાયમી વિધાન પૂજા :-

૧. શ્રી જયસુખલાલ પોપટલાલ સંઘાણી હા. બ્ર. શારદાબેન, રાજકોટ

૨. શ્રી દેવશીભાઈ રામજીભાઈ તથા ચંચળબેન દેવશીભાઈ કોઠારી, સોનગઢ

૩. શ્રી ચંચળબેન ગોરધનદાસ શાહ, મુંબઈ

૪. સ્વ. શ્રી શિવકુંવરબેન ન્યાલચંદભાઈ મોદી, હા. શ્રી રમણીકલાલ મોદી તથા ભાઈઓ, રાજકોટ—તરફથી રાખવામાં આવશે.

વિદેશમાં સફળ પ્રચાર : પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિ પ્રધાન તત્ત્વજ્ઞાનનો વિદેશમાં લાભ પ્રાપ્ત કરવા અર્થે નોર્થ અમેરિકા તેમ જ લંડનના જિજ્ઞાસુઓની વિનતીથી આપણી સંસ્થા દ્વારા મોકલવામાં આવેલા રાજકોટ નિવાસી વિદ્વાન ડૉકટર શ્રી પ્રવિણભાઈ દોશી ( F.R C.S. લંડન ) જુલાઈ માસના અંકમાં પ્રકાશિત કાર્યક્રમ અનુસાર વિદેશમાં પ્રચાર કરીને ભારત આવી ગયા છે. વિદેશ પ્રવાસના આયોજક શ્રી હસમુખભાઈ એમ. શાહ વોશિંગ્ટન ( D.C. ) જણાવે છે કે :

ડૉ. પ્રવિણભાઈ દોશીના આગમનથી વિદેશવાસી જિજ્ઞાસુઓને પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા ઉપદિષ્ટ અધ્યાત્મતત્ત્વજ્ઞાન સંબંધી, કૃપાસાગર પૂજ્ય ગુરુદેવશ્રીનાં અગણિત ઉપકાર-મહિમા સંબંધી તેમ જ તેઓશ્રીની ઉપકાર છાયામાં સ્વાનુભૂતિપ્રાપ્ત પૂજ્ય બહેનશ્રીની મહિમા સંબંધી અને તીર્થધામ સુવર્ણપુરી સંબંધી ઘણી જ જાણકારી મળી.

વોશિંગ્ટન ( D.C. )ના ' જૈન સેન્ટર 'માં (તા. ૧૦ થી ૧૭ જુલાઈ) શનિ–રવિવારે સવાર-સાંજ અને બીજા દિવસોમાં સાંજે પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૩૫૦ જૈન પરિવાર આ સેન્ટરના સભ્યો છે. તત્ત્વરસિક જિજ્ઞાસુઓ માટે પ્રવચન તેમ જ ચર્ચાનો એક અમૂલ્ય અવસર હતો.

તા. ૧૮ થી ૨૨ જુલાઈ પાંચ દિવસ મેરીલેન્ડ રાજ્યના સેન્ટ માઉન્ટ મેરીઝ કોલેજના ભવ્ય કેમ્પસમાં શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. પોતાની બધી પ્રવૃત્તિઓથી નિવૃત્તિ લઈને ૭૦ વ્યક્તિઓએ ભરપૂર લાભ લીધો હતો. યુવાનોને અંગ્રેજીમાં અને પ્રૌઢોને ગુજરાતીમાં ડૉ. પ્રવિણભાઈ ભણાવતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત અને બહેનશ્રીનાં વચનામૃતનો રસાસ્વાદ કરતાં થકા જિજ્ઞાસુઓ પ્રસન્નતા વ્યક્ત કરતાં હતાં.

બે દિવસ એટલાન્ટામાં, ત્રણ દિવસ ન્યુ ઓરલેન્સમાં, સાત દિવસ શિકાગો, સેન્ટ લુઈસ, ડીટ્રોઈટમાં પણ તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓએ ઘણો લાભ લીધો. જૈન સેન્ટરના અધ્યક્ષ શ્રી અનંતભાઈ કોરડિયાના અનુરોધથી પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પૂજ્ય બહેનશ્રી તેમ જ શ્રીમદ્ રાજચંદ્રજીના ત્રણ ભવ્ય ફોટા શ્રી પ્રવિણભાઈ સાથે લઈ ગયા હતા તે, ત્યાંના નિર્માણાધીન જિનમંદિરમાં લગાડવા માટે ' જૈન સેન્ટર 'ને ભેટ આપવામાં આવ્યા હતા.

રાલે ( નોર્થ કેરોલીના )માં અભ્યાસી તેમ જ તત્ત્વરુચિવાળા જૈન પરિવાર અધિક છે. તા. ૧૨ થી ૧૫ ઓગસ્ટ તેઓએ ઘણો જ લાભ લીધો હતો. જૈન સ્ટડી સેન્ટર ઓફ નોર્થ કેરોલીનાના અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ શાહ જિજ્ઞાસુ તેમ જ અભ્યાસી છે.

પીટસ્બર્ગમાં તા. ૧૬ થી ૧૯ ઓગસ્ટ દરમિયાન રવિવારના રોજ હિન્દુ તેમ જ જૈનના સંયુક્ત મંદિરમાં પ્રવચન રાખવામાં આવ્યું હતું. બીજા દિવસે યુવાનો માટે તત્ત્વચર્ચા આદિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં પ્રૌઢોની પણ સંખ્યા ઘણી હતી.

પાંચ દિવસ બોસ્ટન, પાંચ દિવસ ન્યૂયોર્ક રાખવામાં આવેલ પ્રવચન-તત્ત્વચર્ચાનો જૈન સમાજે ઉત્સાહ પૂર્વક લાભ લીધો હતો. શ્રી અરવિંદભાઈ અમેરિકાના જૈન સમાજના શ્રેષ્ઠ મંડળ ' JAINA 'ના ભૂતપૂર્વ મંત્રી છે. વચ્ચે એક દિવસ વિલ્કસ-બરી ગયા હતા જ્યાં પ્રવચન તેમ જ અંગ્રેજીમાં તત્ત્વચર્ચાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિલ્કસબરીથી ' સિદ્ધચલમ્ ' ( ન્યૂ-જરસી ) ગયા હતા જ્યાં દિગંબર અને શ્વેતામ્બરનું સંયુક્ત જિનમંદિર આવેલ છે.

શ્રી હસમુખભાઈ શાહ ( વોશિંગટન ), શ્રી કીર્તિભાઈ અને જ્યોતિબેન ઝવેરી ( એટલાન્ટા ) શ્રી વિક્રમભાઈ તથા શ્રી જનકભાઈ શેઠ ( ન્યૂ ઓરલેન્સ ), શ્રી ભારતીબેન દવે ( શિકાગો ), જૈન સેન્ટરના અધ્યક્ષ શ્રી અનંતભાઈ કોરડિયા તથા શ્રી નરેન્દ્રભાઈ અને આશાબેન શેઠ ( ડીટ્રોઈટ ), જૈન સ્ટડી સર્કલ ઓફ નોર્થ કેરોલીનાના અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ શાહ ( રાલે ), શ્રી ચંદ્રકાંતભાઈ મહેતા ( પીટસ્બર્ગ ), શ્રી અરવિંદભાઈ વોરા ( ન્યૂ યોર્ક ), તદુપરાંત ડૉ. રમેશભાઈ શાહ, શ્રી રજનીભાઈ ગોસળીયા આદિ અનેક તત્ત્વજિજ્ઞાસુઓ પોતાને પ્રાપ્ત થયેલ તત્ત્વજ્ઞાનથી ઘણા જ પ્રમુદિત થયા હતા. યુવાનવર્ગને અંગ્રેજીમાં જૈનધર્મ વિશે વિશેષ જાણકારી મળવાથી ખૂબ આનંદિત થયા હતા.

**લંડન :** ન્યુયોર્કથી ૩૦ ઓગસ્ટના શ્રી પ્રવિણભાઈ લંડન ગયા. શ્રી દિ. જૈન એસોસિએશનના અધ્યક્ષ શ્રી લક્ષ્મીચંદભાઈ ભગવાનજીભાઈ શાહ તથા મંત્રી શ્રી પ્રભુલાલ ડી. દોઢિયા આદિએ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. પર્યુષણપર્વ દરમ્યાન પ્રવચનમાં લગભગ ૩૦૦ શ્રોતાઓ, શિક્ષણવર્ગમાં ૭૦ જિજ્ઞાસુઓ નિયમિત લાભ લેતા હતા. ડૉ. પ્રવિણભાઈ દ્વારા અંગ્રેજીમાં અધ્યાત્મતત્ત્વજ્ઞાનના શ્રવણથી યુવાવર્ગ પ્રભાવિત થયો. લંડનના જિજ્ઞાસુઓ શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ તેમજ તેમના પરિવારના માધ્યમથી કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં દ્રવ્યદષ્ટિપ્રધાન ઉપદેશથી, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અગણિત ઉપકાર-મહિમાથી તેમજ તેઓશ્રીના ભક્તરત્ન પૂજ્ય બહેનશ્રીના મહિમાથી અને તીર્થધામ સુવર્ણપુરીથી પરિચિત તો છે જ, તેથી તેમને શ્રી પ્રવિણભાઈ દ્વારા વધુ સમજવા મળ્યું; ફળસ્વરૂપે ત્યાંના એસોસિએશને પ્રવચન શ્રવણ આદિ સમૂહ કાર્યક્રમ માટે અલગ સ્વતંત્ર સ્થાન બનાવવાનો નિર્ણય કર્યો છે.

—૦—

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાધિદિન પ્રસંગે

સોનગઢમાં પાંચ દિવસનો

## 卐 ધાર્મિક કાર્યક્રમ 卐

[ તા. ૧૨-૧૧-૯૨ થી તા. ૧૬-૧૧-૯૨ ]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકાર-મૂર્તિ વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્ય-સમાધિનો ૧૨મો વાર્ષિક દિન વિ. સં. ૨૦૪૯, કારતક વદ ૭, સોમવાર, તા. ૧૬-૧૧-૯૨ ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુઃખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૧૨-૧૧-૯૨, ગુરુવારથી તા. ૧૬-૧૧-૯૨, સોમવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતા ટેપ તથા વિડિયો પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા તથા શાસ્ત્રપ્રવચનો વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

આ અવસરે અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિ વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે.

### * મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ *

* પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીર-નિર્વાણકલ્યાણક' દીપાવલીનો મંગળ અવસર આસો વદ ૧૦, બુધવાર, તા. ૨૧-૧૦-૯૨થી આસો વદ અમાસ, રવિવાર, તા. ૨૫-૧૦-૯૨—પાંચ દિવસ સુધી શ્રી મહાવીર-કુન્દકુન્દ દિ૰ જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણકમંડલવિધાનપૂજા', મહાવીરજિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાનોપાસના વગેરે વિવિધ કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે.

—*—

## 卐 મુમુક્ષુએ જતું કરવાના પરિણામ રાખવા 卐

* XXX ૦૦૦ મતભેદને મુખ્ય નહિ કરતાં ગુરુદેવે જે 'જ્ઞાયક'નો માર્ગ બતાવ્યો છે તેને જ મુખ્ય રાખવા યોગ્ય છે. મોક્ષ પ્રાપ્ત કરવા માટે આખરે તો જીવે સ્વને પરિપૂર્ણ ગ્રહીને બીજું બધુંય જતું કરવાનું છે, તો પછી મુમુક્ષુએ પ્રથમથી જ સામાન્ય બાબતોમાં જતું કરવાના પરિણામ રાખવા જોઈએ.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી


સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૬/-